वर्ष : १७ सने : २०२१ सं.२०७७
अंक : १०, સળંગ અંક-१०६ चैत्र-अप्रैल

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭

અંક : ૧૦ ચૈત્ર એપ્રિલ સળંગ અંક-૧૦૬



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ

★ ઉન્માર્ગનો પરિત્યાગ..સન્માર્ગનો સ્વીકાર

★ અહો નવકાર - ૨

★ અનુમોદનામૃતમ્


## આર્ષવાણી

**वैरभावोऽपि संजातः,**

**सर्वेषामप्यनन्तशः ।**

**परस्परं ततः कोऽत्र,**

**माता-पितादिनिश्चयः ।।**

સંસારના પરિભ્રમણમાં સર્વજીવો સાથે પરસ્પર દુશ્મન પણ અનંતીવાર બન્યા... તેથી કોણ આપણા પિતા-માતાદિનો નિશ્ચય કરી શકે?

સંસાર જેલ જેવો લાગે, સંબંધો બંધનરૂપ લાગે અને જેનું મન ત્રાસ પામી ગયું હોય તેને મુક્તિ જલદી મળે છે. - ઉપદેશમાળા



## ★ સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ ★★★

- શ્રી ધર્મમિત્ર

(પૂજ્યગુરુદેવની ૧૮મી સ્વર્ગારોહણતિથિ પ્રસંગે)

અનંતકાળથી ચાલ્યા આવતા ભવભ્રમણનો અંત લાવનાર અને અજ્ઞાનતાનું અંધારું ઊલેચીને જ્ઞાનનો પ્રકાશ પાથરનાર દેવ અને ગુરુતત્ત્વ છે.

શાસનની સ્થાપના કરવામાં દેવતત્ત્વ જ કામ આવે. શુદ્ધ દેવ તત્ત્વ સ્વરૂપે રહેલા શ્રીતીર્થંકર પરમાત્મા દ્વારા જ, કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થ - શાસનની સ્થાપના થાય છે. પોતાના નિર્વાણ સુધી તેઓના અતિશાયી પુણ્યના પ્રભાવે શાસન ચાલે છે. એ શાસનને ચલાવવા માટેની, ટકાવવા માટેની, આરાધના માટેની, તેના મીઠાં - અમૃતફળ આરોગવા માટેની, તેને દીર્ઘજીવી બનાવવા માટેની ગતિ - વિધિ (સમજ) પરમાત્મા પોતે રોજ બે - બે પ્રહર સુધી દેશના દ્વારા આપે છે. એ ઉપરાંત એક પ્રહર ગણધરભગવંત આપે છે. તેનાથી મિથ્યાત્વનો અંધકાર દૂર થવા સાથે સમ્યગ્જ્ઞાનનો ઉજ્વળ પ્રકાશ પથરાય છે. તેના જ માધ્યમથી જીવો તત્ત્વત્રયીની પ્રાપ્તિ કરવા પૂર્વક રત્નત્રયીની સાધનાનો સત્પુરુષાર્થ કરે છે. એ જિનવાણીથી જીવો મુક્તિપથ પર જોર અને જોમ સાથે આગળ વધે છે. નિઃસત્ત્વને સાત્ત્વિક એ બનાવે છે. નાસ્તિકને આસ્તિક એ બનાવે છે. પાપની ઘૃણા અને ધર્મની ભૂખ એ જગાડે છે. હેય-જ્ઞેય-ઉપાદેયનો ભેદ એ કરાવે છે. કર્તવ્ય - અકર્તવ્ય, પેય-અપેય, ભક્ષ્ય - અભક્ષ્ય, ગમ્ય - અગમ્ય વગેરેનો વિવેક શીખવે છે. જીવ - અજીવ, પુણ્ય-પાપાદિ તત્ત્વોનો સ્પષ્ટ બોધ આપે છે. અર્થની દેશના દ્વારા પરમાત્મા તત્ત્વજ્ઞાનનો સૂર્ય જેવો પ્રકાશ પાથરે છે.

પરમાત્માની હયાતિબાદ ગણધરભગવંતો અને આચાર્યાદિ ગુરુભગવંતો શાસનની ધુરા સંભાળે છે. ભગવાન ભલે શાસનની સ્થાપના કરે છે પરંતુ તેઓનું આયુષ્ય; શાસન-તીર્થના આયુષ્ય જેટલું ન હોવાથી અંત સુધી શાસનને અવિચ્છિન્ન અને અખંડપણે પહોંચાડવાનું ભગીરથ અને જહેમતભર્યું કાર્ય ગુરુભગવંતો કરે છે. જેમ શ્રીઋષભદેવ ભગવાનનું શાસન ૧૦૦૦ વર્ષ ઓછા એક લાખ પૂર્વ સુધી ભગવાને (વ્યવહારથી) ચલાવ્યું તેમ કહેવાય. પરંતુ પછી ૧ લાખ પૂર્વ ઓછા ૫૦ લાખ ક્રોડ સાગરોપમ શાસન - તીર્થ રહ્યું તેને ચલાવવાનું - ટકાવવાનું કાર્ય તો ગુરુભગવંતોએ કર્યું. આ દૃષ્ટિએ ગુરુતત્ત્વનો સિંહફાળો નાનો-સૂનો નથી. હા,

ગુરુભગવંતો શાસ્ત્રોનાં બળે સ્વની આરાધના સાથે શાસનને પણ ચલાવે છે. તેથી એ શાસ્ત્રોની કિંમત સહેજ પણ ઓછી અંકાય તેમ નથી. એ ગુરુભગવંતોની આંખો જ આ શાસ્ત્રો છે. મોક્ષના આરાધકનું લક્ષણ જ એ છે કે - 'શાસ્ત્રાજ્ઞા જ જીવાડનારો પ્રાણ છે. આત્મગુણોની પ્રાપ્તિ અને વૃદ્ધિ એ આજ્ઞાને આભારી છે.' એવું માને અને તે રીતે જીવે.

વર્તમાન શાસનની અપેક્ષાએ વાત કરીએ તો આવા ગુરુભગવંતોની ઉજ્વળ શ્રેણિમાં ગણધરભગવંતોથી લઈ સેંકડો આચાર્યભગવંતાદિ થઈ ગયા. એ ગુરુભગવંતોએ પ્રાણના ભોગે પણ જિનાજ્ઞા અને જિનાજ્ઞા સાપેક્ષ ગુર્વાજ્ઞાનું પાલન કર્યું છે. તેના જ પ્રભાવે પ્રભુનું શાસન અખંડ ધારાથી અઢી હજાર વર્ષ પછી પણ ચાલી રહ્યું છે. સંસારની કોઈ પણ વ્યક્તિએ સ્થાપેલી પેઢી આટલા લાંબા સમય સુધી નથી ચાલતી, પ્રભુનું તીર્થ ચાલે છે. તેમાં જિનાજ્ઞા-શાસ્ત્રાજ્ઞા અને બનાવેલા નીતિ-નિયમો કારણભૂત છે.

આવા ગુરુભગવંતોની સમુજ્વળ પરંપરામાં, ભગવાનની ૭૬ મી પાટે સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ, કર્મસાહિત્યનિપુણ-મતિ, જ્ઞાન-સ્વાધ્યાય મગ્ન, વિશુદ્ધ મહાવ્રત સંપન્ન, તપ-ત્યાગની વિશિષ્ટ મૂર્તિસમા પૂજ્યપાદ આ.ભ. **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા થયા.** તેઓશ્રીની પાટે વ્યાખ્યાન વાચસ્પતિ, જિનશાસનના મહાન જ્યોતિર્ધર, દીક્ષાયુગપ્રવર્તક, દેવદ્રવ્ય-દીક્ષા-તિથિ આદિ સિદ્ધાંતોના સંરક્ષક, વિશિષ્ટ પુણ્ય અને પ્રૌઢપ્રતિભા સંપન્ન, માર્ગસ્થ દેશના દાતા, પૂજ્યપાદ આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** થયા. તેઓશ્રીના વિશ્વાસપાત્ર અને આજ્ઞાવર્તી ધર્મતીર્થપ્રભાવક, અખંડ બાલબ્રહ્મચારી, સિદ્ધાંતરક્ષક, અપ્રમત્તજ્ઞાનોપાસક, ગીતાર્થ, અનેક વડીલ ગુરુભગવંતોનાં દિલમાં વસેલા, ગચ્છસ્થવિર પૂજ્યપાદ આ.ભ.**શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા** થયા.

તેઓશ્રીનું ઉત્તમજીવન અનેક ભવ્યાત્માઓ માટે આદર્શ હતું. સ્વ-પર સમુદાયના શ્રમણ-શ્રમણી ભગવંતો માટે ઉપકારક હતું. સ્વપર સમુદાયના અનેક આચાર્યભગવંતો - પદસ્થો - મુનિભગવંતો તથા શ્રમણી ભગવંતો તેઓશ્રી પાસે આવીને અથવા પત્રાદિના માધ્યમથી હૈયું ખોલીને વાત કરી શકતા. નિઃસ્વાર્થભાવે પૂજ્યશ્રી તેઓને માર્ગ-દર્શન આપતા. હિતકારી વાતો કરતા. સાચી સલાહ આપતા. સાથે પોતાની આરાધનામાં હંમેશા લીન રહેતા.



મહારાષ્ટ્રના મસૂરગામ (તા.કરાડ - જિ.સાતારા) માં તેઓશ્રીનો વિ.સં. ૧૯૮૪ પ્રથમશ્રાવણ સુદ-૧ ના સૂર્યોદય બાદ જન્મ થયો હતો. પિતા છોટુભાઈ તો માતા સોનુબાઈ તેઓશ્રીનાં માવતર હતાં. નામ મનુભાઈ સ્થાપન થયું. નાનપણથી જ માતા સોનુબાઈ સાથે ધર્મઆરાધના કરતા. માતાએ પણ ખૂબ સુંદર સંસ્કારોનું સિંચન કર્યું. ગત જન્મોના સંસ્કારોમાં વૃદ્ધિ થવા લાગી. લગભગ ૧૩ વર્ષની ઉંમરે ગુરુભગવંતોનો ભેટો થયો. મસૂરગામમાં પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ, વાત્સલ્યમૂર્તિ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના સમર્થ શિષ્ય વ્યા.વા., પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની વિશાળ પરિવાર સાથે પધરામણી થઈ.

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદશ્રીજીની નજરમાં મનુભાઈ આવ્યા. હીરાને ઓળખવામાં ઝવેરી ગણાતા તેઓશ્રીએ મનુભાઈ નામના હીરાને પારખી લીધો. સાથે આવવા-રહેવાની વાત કરી. મનુભાઈ તૈયાર થઈ ગયા. સ્કૂલનું શિક્ષણ ચાલું હતું, છતાં માતુશ્રીને એમ હતું કે - ગુરુ મ.સાથે જવાથી - રહેવાથી સારા સંસ્કાર તો મળશે. પિતાજીનું છત્ર રહ્યું નહોતું... માતુશ્રીની અનુમતિ મળી ગઈ. મનુભાઈ તો ખુશખુશાલ થઈ ગયા.

વિહાર થયો. સાંગલી ચોમાસું થયું. ચોમાસામાં માતુશ્રી વગેરે લેવા આવ્યા. મનુભાઈ જવા તૈયાર નથી. સંસ્કાર આપનારી માતાય મોહગ્રસ્ત હોવાથી દીક્ષા માટે તો તૈયાર નથી જ. હવે સાંગલીથી વિહાર થયો. સાંગલીના ચોમાસામાં મનુભાઈએ સારો અભ્યાસ કરી લીધો. ગુજરાત વિહાર આગળ વધ્યો. ચાતુર્માસ ખંભાત નક્કી થતાં ત્યાં પહોંચ્યા. રસ્તામાંથી જબરદસ્તીથી મનુભાઈને ઘરે લઈ ગયા. બે - બે વખત ઘરેથી ભાગીને ગુરુદેવ પાસે પહોંચ્યા. માત્ર ચૌદ વર્ષની ઉંમરે કેવું સત્ત્વ ? કેવો સંયમનો રંગ ? કેવો નિર્વેદ અને કેવો સંવેગ ?

ખંભાતમાંય લેવા માટે મામા આવ્યા. મનુભાઈ પૌષધ લઈને બેસી ગયા ! મક્કમતાથી મામા સાથે વાત કરી. મોહની લડાઈમાં નમતું ન જોખ્યું. વિરાગીને રાગ ક્યાંથી પજવી શકે ? રાગ અને દ્વેષના રમખાણની જેમ રાગ-વિરાગ વચ્ચે પણ અનાદિકાળથી દ્વંદ્વ-યુદ્ધ ખેલાતું આવ્યું છે. રાગ એ પાપ છે. વિરાગ એ ધર્મ છે. હંમેશા બેમાં ધર્મની તાકાત વધારે જ હોય છે. આખરે વિરાગનો વિજય થયો. મામા; ભાણિયાને લીધા વિના ઘરે આવ્યા. પરિવાર ભેગો કર્યો. મામાએ જણાવ્યું:

કોઈપણ ભોગે 'મનુ' ઘરે આવશે નહિ, દીક્ષા જ લેશે. એટલું જ નહિ, તેને અનુમતિ નહીં મળે તો જાતે કપડાં પહેરી લેશે. કારણ, જેટલાની દીક્ષા થાય છે, જુએ છે, સાંભળે છે; તેટલી વાર તે રડે છે. આ સ્થિતિમાં આપણા કુટુંબની ખાનદાનીને બાધ ન આવે, પરિવારનું ખરાબ ન દેખાય તે માટે અનુમતિ આપી ધામધૂમથી દીક્ષા અપાવવી એમાં જ શોભા છે. ભૂતકાળમાં એમના કાકાએ પણ દીક્ષા લીધી છે. હાલ ૧૬-૧૬ વર્ષથી તેઓ પણ પૂ.મનિરાજશ્રી સંપતવિજયજી મ. ના સ્વરૂપમાં આરાધના કરી રહ્યા છે.

પરિવારમાં લાંબી વિચારણા બાદ સર્વસંમતિ સધાઈ. વાજતે - ગાજતે દીક્ષા કરાવવાનું નક્કી થયું. પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસે મુહૂર્ત લીધું. વિ.સં. ૧૯૯૯ મહા. સુ.૬ નો દિવસ પ્રાપ્ત થયો. વાયણા વગેરેનો વિધિ શરૂ થયો. મહારાષ્ટ્રના પ્રત્યેક રેલવે સ્ટેશન પર મનુભાઈનું બહુમાન થયું. દીક્ષા માટે પરિવાર સાથે અમદાવાદ પધાર્યા. પાલખીમાં વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. મહાસુ.૬ ના દિવસે અમદાવાદ - કાળુપુર રોડ સ્થિત વિજયદાનસૂરીશ્વર જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં પ્રથમ દીક્ષા પૂ.ગુરુદેવની થઈ. સાથે એક બેનની પણ દીક્ષા થઈ હતી, જેઓ પાછળથી પ્રવર્તિની સા.શ્રી ઘનપ્રભાશ્રીજી મ.બની, સંયમ સાધના કરી કાળધર્મ પામ્યાં.

મનુભાઈ દીક્ષિત બન્યા. દીક્ષાસમયે પૂ.મુનિરાજશ્રી પદ્મવિજયજી મ.ના પ્રથમ શિષ્ય તરીકે મુનિરાજશ્રી મિત્ર વિજયજીના નામે પ્રસિદ્ધ થયા. વડીદીક્ષા સમયે મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.ના નામે ઊભરી આવ્યા. ગુરુદેવ - દાદાગુરુદેવ - પ્રદાદા ગુરુદેવાદિ અનેકના દિલમાં જઈ વસ્યા.

મનુભાઈને દીક્ષા પૂર્વે એક સ્વપ્ન આવેલ કે - મારી દીક્ષા થઈ, સાથે પૂ.ઉપાધ્યાયશ્રી જંબૂવિજયજી ગણિવરની આચાર્યપદવી થઈ. ખેર ! એ સ્વપ્ન વડીદીક્ષા સમયે સફળ થયું. પૂ.મુ.શ્રી મિત્રવિજયજી મ.ની વડીદીક્ષા સાથે અમદાવાદની ધરતી પર જ પૂ.ઉપા. શ્રી જંબૂવિજયજી ગણિવરની આચાર્યપદવી થઈ અને પૂ.મુ.શ્રી મિત્રાનંદ વિજય મ. અને પૂ.આ. શ્રી જંબૂસૂ. મ. બન્યા.

ત્રણ-ત્રણ ગુરુદેવોની કૃપાને ઝીલતા પૂ.ગુરુદેવશ્રી મિત્રાનંદ વિજયજી મ. રત્નત્રયીની સાધનામાં આગળ વધવા લાગ્યા. ગુરુવિનયાદિ અનેકાનેક ગુણોના કારણે વિશેષ - વિશિષ્ટ ગુરુકૃપાના ભાજન બની, ચારિત્ર - જીવન ઘડતર સાથે



જ્ઞાન - સ્વાધ્યાયમાં વિશેષ પ્રગતિ કરી. ગુરુદેવોએ પણ તેઓના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ સ્વરૂપ વિશિષ્ટ પ્રજ્ઞાને જોઈ સમ્યગ્જ્ઞાનના માર્ગે વિશેષ પ્રગતિ કરાવી. નિત્ય એકાસણાં સાથે ગુરુવિનય - ગુરુભક્તિ - ગ્લાનાદિ શ્રમણોની સેવાદિ કાર્યોમાં વ્યવસ્ત રહેવા લાગ્યા. તમામ કાર્યો કરવામાં કુશળ હોવાના કારણે ગુરુવર્યોએ પણ ઘણી - ઘણી જવાબદારીઓ તેઓશ્રીને સોંપી. નવા આવતા મુમુક્ષુઓથી લઈ નવદીક્ષિતોને તમામ પ્રકારની તાલિમ આપવાનું કાર્ય ગુરુદેવશ્રી કરવા લાગ્યા. ત્રણે વડીલ પૂ.ગુરુવર્યો પણ તેઓશ્રીના કાર્યોથી ખૂબ જ સંતુષ્ટ હતા. દરેક કાર્યો બદલ ઉપબૃંહણા કરતા. પોતાની શારીરિક સ્ફૂર્તિના કારણે ગમે તેવાં વિકટ કાર્યો અલ્પ સમયાવધિમાં કરી લેતા. વિહારમાં પણ પોતે ઉપાશ્રય ચેક કરીને છેલ્લા નીકળતા છતાં સામે ગામ સૌથી પહેલાં પહોંચી જતા !

રોજ ત્રણ - ત્રણ ઓઘા, બે વાર બાંધતાં. માત્ર એક મિનિટમાં એક ઓઘો બાંધી દેતા ! લોચ કરવામાં તો વિશેષ માસ્ટરી હતી. જેના કારણે ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા પોતે નૂતન મુનિઓ, બાળમુનિઓને લઈને પૂ.મુ.શ્રી મિત્રાનંદ વિજયજી મ.પાસે લોચ કરાવવા આવતા ! અને ઘણા મુનિવરો આ પૂજ્યશ્રી પાસે જ લોચ કરાવવાનો આગ્રહ રાખતા. સ્મરણ શક્તિ તો પૂજ્યશ્રીને જાણે વરદાનમાં મળી હતી. ૬૦-૬૦ વર્ષના કોઈ પણ વિહાર પૂછો... ફટાફટ તમામ ગામોનાં નામ અને અંતર બનાવી દેતાં ! કોઈપણ ગામના જિનાલય - ઉપાશ્રયની દિશા પૂછો તો કાચી સેકંડમાં કહી દેતા !! ક્યારેય કોઈપણ વિહારની નોંધ તેઓએ રાખી નથી. બધું જ મગજમાં રહેતું. આજના કાળમાં કહેવાય કે કોમ્પ્યુટર કરતાં ઝડપથી જવાબ તેઓ પાસેથી મળી જતો !!

વર્ધમાનતપની ૨૫-૨૬ ઓળી પણ તેઓએ કરી હતી. લગભગ વિ.સં. ૨૦૦૮-૯ ની સાલમાં પાંસળીના ઓપરેશન પછી શરીરની ક્ષમતા ઘટવાના કારણે એકાસણાં - આયંબિલ છોડવાં પડ્યાં. ખૂબ જ અપ્રમત્ત જીવન જીવ્યા. દિવસના ૧૮-૧૮ કલાક કાર્યમાં વ્યસ્ત રહેતા !

સ્વાધ્યાય પણ જીવનમાં નિયમિત હતો. વર્ષોસુધી દશવૈકાલિકનો સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાયના સૂર (સ્પષ્ટ આવાજ) સાથે ઝડપ એકધારી રહેતાં, દશવૈકાલિકનાં દશ અધ્યાયનો અને બે ચૂલિકાનો સ્વાધ્યાય પૂરો થાય એટલે ઘડિયાળમાં બરાબર સાંઈઠ મિનિટ (૧ કલાક) થાય.

પ્રકરણાદિ કેટલાંક સૂત્રો તો માત્ર સાંભળવાથી તેઓને કંઠસ્થ થઈ ગયાં હતાં. એક સાથે તેઓ ૫-૫, ૭-૭ જણ સાથે વાતો કરી શકતા, છતાં સૌની વાતોનું અનુસંધાન બની રહેતું. કોની સાથે કઈ વાત ચાલે છે, ક્યાં સુધી ચાલી વગેરે બરાબર ધ્યાનમાં રહેતું. પોતે પણ પૂજ્યપાદ આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી શતાવધાન શીખ્યા હતા. તે સમયે અનેકને આ અવધાન શીખવ્યા હતા. જેથી શાસ્ત્રની અનેક વાતો, અનેક શાસ્ત્રની વાતો યાદ રાખી શકે. આ પ્રયોગના કારણે ચરિત્રનાયક ગુરુદેવને અનેક શાસ્ત્રોની વાતો પણ નક્કરપણે યાદ રહેતી. તેઓનાં પ્રવચનમાં ઘણા ગ્રંથોનાં નામો - શ્લોકો - વાક્યોનો ઉલ્લેખ અવશ્ય આવતો. શાસ્ત્રીય પદાર્થોની પક્કડ ખૂબ જોરદાર હતી. પદાર્થોને સરળ ભાષામાં સમજાવવાની શૈલી પણ સર્વગ્રાહ્ય હતી. સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો વાચવા-વાંચવવાની કળા પણ વૈશિષ્ટ્ય ભરી હતી. મહાનિશીથાદિ છેદગ્રંથોનું વાંચન - પરિશીલન પણ ખૂબ હતું.

શાસ્ત્રોની અપ્રચલિત કે અલ્પપરિચિત વાતોને બહાર લાવવામાં માહેર હતા.

પૂજ્યશ્રીનાં અનેક ચાતુર્માસ વડીલો સાથે થયાં, તેમ ઘણાં ચાતુર્માસ સ્વતંત્ર પણ થયાં. દરેક જગ્યાએ એવાં સંસ્મરણો મૂકી ગયા કે વર્ષો પછી પણ તે - તે સંઘો - ભાવિકો યાદ કરે છે. પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક ઉપધાન - છ'રી'પાલક સંઘો, અંજનશલાકા - પ્રતિષ્ઠા, સિદ્ધગિરિમાં ચાતુર્માસ, લાખ-લાખ નવકારમંત્રના વિશિષ્ટ જાપ-અનુષ્ઠાનો, દીક્ષાઓ - પદવીઓ, નાના-મોટા મહોત્સવો, વહીવટના માર્ગદર્શન આપતાં ટ્રસ્ટીઓનાં અધિવેશનો થયાં છે.

દિગંબરાદિ સાધુઓ સાથે સંવાદો પણ થયા છે, તો મહારાષ્ટ્રના કુંભોજગિરિતીર્થમાં દિગંબર - શ્વેતાંબરના વિવાદને સૂલઝાવવા જેવાં ઐતિહાસિક કાર્યો પણ થયાં છે. કેટલાય સંઘોમાં, કેટલાય દશકા જૂના હિસાબના ગોટાળા દૂર કરી, દેવદ્રવ્યાદિનું નુકશાન (દેવું) ભરપાઈ કરાવી વહીવટને સુચારુ બનાવ્યા છે.

કૈ-કેટલાય સાધુ - સાધ્વીજીને તથા શ્રાવક - શ્રાવિકાને આલોચના - પ્રાયશ્ચિત્ત દ્વારા આત્મશુદ્ધિ કરાવી છે.

કેટલાય જીવોને સંસારની અસારતા સમજાવી સાચા મુમુક્ષુ બનાવ્યા... એમાંના ઘણા જીવો દીક્ષિત બની ગયા. સ્વ-પર સમુદાયમાં આમાંના કેટલાય



વિદ્યામાન પણ છે. મતલબ, કેટલાય ભવ્યાત્માઓને સંસારના કાદવમાંથી બહાર કાઢ્યા છે. સ્વ-પર સમુદાયમાં રહેલાં કેટલાંય શ્રમણ-શ્રમણી ભગવંતો હૈયું ખોલવા, હૈયાની વેદના ઠાલવવા, વેદનાના ઉપચાર માટે પૂજ્યશ્રી પાસે આવતા હતા. તેમાં કેટલાક તો મોટા - મોટા પર્યાયવાળા, આચાર્યાદિ પદસ્થો પણ હતા. દૂર રહેલા કેટલાક પત્રો દ્વારા માર્ગદર્શન મંગાવતા. સ્વ-પરનો ભેદ-ભાવ રાખ્યા વગર હિતકારી માર્ગદર્શન આપી દુર્ધ્યાનથી મુક્ત કરાવતા. માર્ગમાં સ્થિર કરતા. સિદ્ધાંતોમાં સ્થિર કરતા. આ બધું નિઃસ્વાર્થભાવે કરતા !

ભીમ અને કાંતઃ બંને ગુણો તેઓશ્રીના જીવનમાં જોવા-અનુભવવા મળતા. વાત્સલ્ય પણ વરસાવતા અને કડક શબ્દોમાં ઠપકો પણ આપતા.

ઘણી-બધી વિશેષતાઓ અને ઘણા ગુણોને કારણે ગુરુભગવંતોએ ગણિપદ - પંન્યાસપદ અને આચાર્યપદે આરૂઢ કર્યા હતા.

વિ.સં. ૨૦૩૧ ના કા.વ.૧૦ ના દિવસે સાવરકુંડલામાં પૂ.દાદા-ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે ભગવતીસૂત્રના યોગોદ્વહન પૂર્વક તેની અનુજ્ઞા સ્વરૂપ ગણિપદથી અલંકૃત થયા હતા.

વિ.સં.૨૦૩૪ વૈ.સુ.૫ રાજનગર (અમદાવાદ) શાહીબાગ જમનાદાસ ભગુભાઈના વંડામાં, પૂજ્યપાદ વ્યા.વા., જિનશાસનના કોહિનૂર, તપાગચ્છના તાજ આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે અનુયોગાચાર્ય - પંન્યાસપદે આરૂઢ કરાયા હતા.

વિ.સં.૨૦૩૮ મહા વ.૬ ના ખંભાતતીર્થના વિશાળ શમિયાણામાં ૧૦,૦૦૦ થી અધિક માનવોની મેદની વચ્ચે નવકારના તૃતીય પદ-આચાર્યપદરૂપ સિંહાસન પર; પૂ.દાદા ગુરુદેવના વરદહસ્તે અલંકૃત કરાયા હતા. ટૂંકમાં કહીએ તો માત્ર આઠ જ વર્ષમાં ત્રણે પદ પ્રાપ્ત થઈ ગયાં હતાં.

પૂ.ગુરુદેવ ગુજરાતી - હિંદી - મરાઠી - મરાવાડી - સંસ્કૃત - પ્રાકૃત આદિ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા. ગુજરાત - રાજસ્થાન - મહારાષ્ટ્ર - સૌરાષ્ટ્ર - કચ્છ અને કર્ણાટકની બોર્ડર સુધી વિચરણ ભૂમિ રહી હતી.

ગુજરાતી - હિંદી - મરાઠી - ભાષામાં ઘણાં પુસ્તકો તૈયાર કર્યા. તે જ રીતે સંસ્કૃત - પ્રાકૃતમાં ઘણી કૃતિઓ અને ટીકાઓ બનાવી છે. આગમ - યોગ-ધ્યાન-

જ્યોતિષ - શિલ્પ - કર્મગ્રંથ - ઈતિહાસ - વ્યાકરણ - સાહિત્ય - પ્રકરણ વગેરેના ઘણા વિષયોમાં ઊંડી જાણકારી હતી.

દીક્ષા લીધાબાદ લગભગ ૪૦ વર્ષે જન્મભૂમિમાં પ્રથમવાર પધાર્યા. એ પણ માત્ર ત્રણ જ વર્ષ મહારાષ્ટ્રમાં વિચરણ થયું. એ ત્રણ વર્ષમાં ગુરુદેવ ગામડે - ગામડે વિચર્યા. ઘણા જીવો ધર્મ પામ્યા. છ'રી' પાલક સંઘ, ઉપધાન, અંજન - પ્રતિષ્ઠા, લાખ નવકારનો સમૂહ જાપ, સમ્યગ્જ્ઞાન માટેની શિબિરો, શ્વેતાંબર - દિગંબરના વિવાદનો નિકાલ, દીક્ષાઓ, સંઘના વહીવટોનું શુદ્ધિ કરણ, ૧૦ નવા ઉપાશ્રયોનાં નિર્માણ, જિનાલયોનાં જીર્ણોદ્ધાર, ૧૦ પ્રતિષ્ઠાઓ, જ્ઞાનભંડારોના જીર્ણોદ્ધાર, યશસ્વી ચાતુર્માસ, જિનાલયની શતાબ્દી વગેરેનાં ઐતિહાસિક કાર્યો, નિપાણીના બાવન જિનાલયનો જીર્ણોદ્ધાર વગેરે ઘણાં શકવર્તી કાર્યો સંપન્ન થયાં. આ બધાં કાર્યોમાં પૂજ્યશ્રીના જ્ઞાન-અનુભવ-કોઠાસૂઝ-માર્ગદર્શન - ઉપદેશ - નિશ્રા વગેરેથી ઘણા અકલ્પ્ય લાભો થયા.

તેમાંય પૂજ્યશ્રીની દીક્ષાપછી તેઓશ્રીના સંસારી કાકી, કાકીની દીકરી ફોઈ, બહેન, માતુશ્રી, ભાણેજ વગેરે ઘણા ભાગ્યશાળીઓની દીક્ષા થઈ.

મહારાષ્ટ્રમાંથી ગુજરાત પધાર્યા. શરીરમાં એક અજ્ઞાત વ્યાધિએ પ્રવેશ કર્યો. આયુર્વેદાદિ ઘણા ઉપચારો કરવા છતાં. વ્યાધિએ શરીરમાં વ્યાપ વધારવા માંડ્યો. છેવટે શરીરનાં હલન-ચલન અટકાવી દીધાં. અલબત્ત, ગુરુદેવશ્રી સમાધિમગ્ન જ રહેતા. શરીરની આ અવસ્થામાંય સંયમ - જ્ઞાન - સ્વાધ્યાયમાં કોઈજ ફરક નહોતો પડવા દીધો. અત્યંય જાગૃતિ સાથે તમામ પ્રવૃત્તિ ચાલુ હતી ! આખરે એમ.આર.આઈ. કરાવતાં રોગનું નિદાન થયું. ગરદનમાં બે ગાંઠ હતી. મુંબઈમાં ઓપરેશન કરાવ્યું. તેનાથી રોગ આગળ વધતો અટકી ગયો. પરંતુ રી-કવરી જોઈએ તેવી ન આવી. કાશ ! વ્યાખ્યાન - વાચનાદિ કરી શકે એવી ક્ષમતા આવી ગઈ હોવાથી તે પ્રવૃત્તિ ધમ - ધોકાર ચાલતી. ભણવા-ભણાવવાનું અને સાહિત્યનું કામ ઘણું કરતા. તે જ કારણે 'ધર્મદૂત' માસિક પણ ચાલું રહ્યું.

માંદગીની શરૂઆતમાં તથા ઓપરેશન પછી પણ સંમેલનમાં - મિટીંગોમાં - મહત્ત્વના શાસનનાં કાર્યોમાં કલાકો સુધી હાજરી આપતા. માત્ર હાજરી જ નહીં, પૂરો રસ લઈ યોગ્ય દલીલો કરતા. શાસ્ત્રપાઠો સાથે ચર્ચા પણ કરતા. નાના-મોટા સૌ પૂજ્યશ્રીની વાત ઉપર વજૂદ સમજતા. તેના ઉપર સઘન ચર્ચા



થતી. ગુરુદેવે જીવનનાં કોઈ પણ સંયોગમાં સ્વાધ્યાયને ગૌણ નથી કર્યો. તમામ સાધુ-સાધ્વીજી (ભલે કોઈ પણ ગચ્છના કેમ ન હોય) ને પણ સ્વાધ્યાય માટે ખાસ પ્રેરણા કરતા. તેઓની જ્વલંત સમાધિ પણ આ જ્ઞાન-સ્વાધ્યાયને જ આભારી હતી.

પોતાના શરીરમાં છાતીના નીચેના તમામ અવયવોમાં તથા બંને હાથમાં બળતરા સાથેની ભયાનક પીડા ચોવીશ કલાક રહેતી. આવી વેદના તેઓએ તેર-તેર વર્ષથી અધિક સમય અપૂર્વ પ્રસન્નતા સાથે, મસ્તીથી ભોગવી !! ક્યારેય મોંઢામાંથી વેદનાનો અવાજ નથી કર્યો. નથી ક્યારેય અકળામણ કે મુખ ઉપર ગ્લાનિ દેખાઈ... નથી હાય-વોયના શબ્દો સાંભળવા મળ્યા. શિષ્યોનેય ક્યારેય વેદના નથી કળવા દીધી. ડૉક્ટરને વાત કરે ત્યારે જ શિષ્યોને કે સહવર્તીઓને આ વાતની ખબર પડતી !

શાસ્ત્રની વાતોને જીવનમાં ચરિતાર્થ કરતા આ પૂ. ગુરુદેવ 'પ્રવૃત્ત ચક્રયોગી' હતા. સતત પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા તેઓને માટે એમ કહેવાય કે વેદના પણ અનેકના ઉપકાર માટે થઈ હતી ! પોતે તો સમાધિમાં લીન રહેતા જ, પરંતુ કોઈ બીમાર વ્યક્તિ આવે ત્યારે તેને એવી વાતો કરતા કે જેનાથી આવેલ વ્યક્તિ બીમારીને ભૂલી, આરાધનામાં મસ્ત બની સમાધિમાં ઝીલનારી બની જતી !

ભૂતકાળના અનેક મહાપુરુષોનાં ચરિત્રો-શાસ્ત્રોમાં; તેઓની વેદના પીડા વચ્ચે, ઉપસર્ગો - પરિષહોની ઝડીઓ વચ્ચે, રોગોની વણઝાર વચ્ચે જ્વલંત સમાધિની વાતો વાંચવા મળે... સાંભળવા મળે; પણ ત્યારે કદાચ એમ લાગે કે - આ તો ચોથા આરાની વાતો છે, પ્રથમ સંઘપણવાળાની વાતો છે, પરંતુ જ્યારે ગુરુદેવને જોઈએ તો એમ લાગે કે - પાંચમા આરામાં એવી જ સમાધિની જાગતી જ્યોત હાજર છે !! સાક્ષાત્ સમાધિનો સાગર લહેરાતો દેખાતો અથવા સમાધિના સાગરમાં ઝીલતા જોવા મળતા !

કેટલાક અવયવોમાં થતી દાહ જેવી બળતરામાં, અમદાવાદના ઉનાળાના ૪૫-૪૮ ડિગ્રી ઉષ્ણતામાનમાં અનેક ગણો વધારો થઈ જતો...! આવા સંયોગોમાં શિષ્યો ભીના પાણીનાં પોતાં મૂકતાં... પરંતુ પોતે ક્યારેય હાથનાં પંખાની કે ફેનની હવા ખાવાની વિચારણા - ઈચ્છા નથી કરી ....! એ.સી. ની વાત તો તેમના માટે સ્વપ્નમાંય ક્યાંથી હોય.... વિરાધનાનો ડર પૂજ્યશ્રીને ખૂબ જ હતો..

તે વાતે - વાતે જણાઈ આવતો. પૂજ્યશ્રીની વાતો, પૂજ્યશ્રીની વિચારધારા, પૂજ્યશ્રીનું જીવન અનેક રીતે સહુ જીવો માટે એક ઉચ્ચ આદર્શ આપનાર હતું. આપણા જેવા ઢીલા-માનસિક નબળા જીવો માટે અદ્ભુત આલંબન હતા, આ પૂ.ગુરુદેવ ! આચાર કે વિચારની નબળાઈ ક્યારેય ચલાવી ન લેતા.

આવી સ્થિતિમાંય દિવસ હોય કે રાત... જ્ઞાન-શાસ્ત્રની વાતો ચાલતી હોય તો ભૂખ-ઊંઘ કાંઈ જ યાદ ન આવતું. ગમે ત્યારે કોઈ પણ વ્યક્તિ શાસ્ત્રની વાત જાણવા, સમજવા આવે તો તેને હંમેશા પ્રાથમિકતા આપતા. તમામ કાર્ય છોડીને જ્ઞાનનું કાર્ય પ્રથમ કરતા.ગાથા લેવા આવનારને પણ પ્રથમ ક્રમે બોલાવતા. જ્ઞાનમાં અંતરાય ન થાય તેનું વિશેષ ધ્યાન રાખતા.

ટૂંકમાં કહીએ તો તેઓશ્રીના ઊચ્ચ આદર્શજીવનમાં સંયમનો અવિહડ રાગ, જ્ઞાન-સ્વાધ્યાયનું મહત્ત્વ, જ્વલંત અને અદ્ભુત સમાધિ, શાસન-સિદ્ધાંતની રક્ષા માટે હંમેશા ઝઝૂમવાનું કૌવત, કાર્યકુશળતા, અપ્રમત્તતા, સમયસૂચકતા, સ્મરણ - ધારણાશક્તિ, નિષ્પક્ષન્યાય વગેરે ગુણો ઊડીને આંખે વળગે તેમજ એ ગુણો પ્રત્યે ઓવારી - ઝૂકી જવાય એવા હતા. નાના હોય કે વડીલ... સ્વપક્ષના હોય કે પરપક્ષના હોય; ગુરુદેવ સત્ય કહેવામાં ક્યારેય ખચકાતા નહોતા. પ્રેમથી કડવું સત્ય પણ બેધડક કહી દેતા. માન-અપમાનમાં કે લોકહેરીમાં ક્યારેય તણાયા નહોતા. તેના જ કારણે સૌના દિલમાં વસી ગયેલા - વિશ્વાસપાત્ર હતા.

પૂજ્યપાદ સંઘસ્થવિર, દીર્ઘજીવી, દીર્ઘસંયમી, દીર્ઘતપસ્વી આ.ભ.શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા, વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા, પૂજ્યપાદ કવિકુલકિરીટ, જૈનરત્ન, વ્યા.વા.આ.ભ.શ્રીમદ્ જેવા ગચ્છની ધુરા સંભાળનારા, મહાનાયક જેવા મહાપુરુષોનાં (જેઓ સ્વસમુદાયના ન હોવા છતાં) હૃદયમાં આ મુનિપણાથી જ વસેલા હતા.!! સ્વસમુદાય માટે પૂછવાનું જ ન હોય ને ?

શાસ્ત્રીય સિદ્ધાંતોના પક્ષમાં જ હંમેશા રહ્યા... એટલું જ નહીં, સિદ્ધાંતોના વિરોધી પ્રત્યે પણ પોતાના દિલમાં દ્વેષભાવ ક્યારેય આવવા નથી દીધો !! આ કાર્ય ઘણું દુષ્કર ગણાય છે. સિદ્ધાંતોનો રાગ હોવો અપેક્ષાએ આસાન છે, પરંતુ દુર્ગુણ કે દોષવાળી વ્યક્તિ પર દ્વેષ ન થવા દેવો - નફરત ન રાખવી, એ કાર્ય અઘરું છે. પૂજ્યશ્રી સામી વ્યક્તિના દોષો - દુર્ગુણોને - પાપોને પચાવવાની ક્ષમતા ધરાવતા હતા. તેથી જ ગમે - તેવા પાપીઓ પણ શુદ્ધિ માટે પૂજ્યશ્રી પાસે પ્રેમથી



આવતા ને આલોચના કરી આત્મશુદ્ધિ કરતા હતા. પૂજ્યશ્રી કડવી દવાય પીવડાવી શકતા, તે જ રીતે સત્યનું અમૃત પણ પીવડાવી શકતા હતા. આ પણ એક વિશિષ્ટ - કષ્ટસાધ્ય કળા છે. તેના માટે મોટું પેટ - ગંભીરતા એટલી જ આવશ્યક છે. આ બધું પૂ.ગુરુદેવે આત્મસાત્ કર્યું હતું.

પૂજ્યશ્રી શારીરિકરીતે એક માખી-મચ્છર પણ ન ઉડાડી શકે, ખણજ આવે તો પણ જાતે ખણી ન શકે એવી શરીરની પરાધીન અવસ્થામાંય મન-વચનથી પરાધીન ન હતા. આવી અવસ્થામાંય તમામ કાર્યક્રમોમાં પૂરી હાજરી આપતા હતા. પોતાના શરીરની અસહ્ય વેદનાને આગળ કરી ક્યારેય કોઈપણ પ્રોગ્રામને ટાળ્યો નહોતો. ૧૩-૧૩ વર્ષની ગંભીર બીમારીને બહાને લોચ કરાવવાનોય ટાળ્યો નથી. લોચના વિકલ્પરૂપે અપનાદનોય વિચાર કર્યો નથી !

અંતિમ વર્ષોમાં મોટો સમય અમદાવાદમાં રહેવાનું થયું. ત્યાંય વ્યાખ્યાન-વાચનાદિ શાસનનાં અને સ્વ-પર હિતનાં ઘણાં કાર્યો કર્યાં. કાળ-ધર્મના ત્રણેક મહિના પૂર્વે કસરત કરાવતા હાથનું હાડકું તૂટી ગયું ! બે ટુકડા જ થઈ ગયા. ઉત્તરાણનો દિવસ હોવાથી ડૉક્ટર ન મળે... છતાંય મુખની રેખાય બદલાઈ ન હોતી ! બીજા દિવસે ઓપરેશન નક્કી થયું. હોસ્પિટલ લઈ જવા પડ્યા. ત્યાંય ષોડશક ગ્રંથના સંપાદનનું કાર્ય ચાલુ હોવાથી; ઓપરેશન થિયેટરમાં લઈ ગયા ત્યાંસુધી પ્રુફ તપાસવાનું ચાલુ હતું.

કાળધર્મના બે માસ પૂર્વે શુગરનું લેવલ ૭૯૩ થઈ ગયું ! પોતે અત્યંત સ્વસ્થ હતા. પેશાબની તકલીફ હોવાથી બોટલ ચઢાવવાનું ચાલું હતું. ડૉક્ટરને સમાચાર મળતાં તેય આશ્ચર્યમાં પડી ગયા !! આટલા શુગર વચ્ચે દર્દીને કાં પેરાલીસીસ થઈ જાય, આંખો ચાલી જાય, ડીપ - કોમામાં આવી જાય... આવી કોઈ ને કોઈ મોટી તકલીફ આવે જ. તત્કાલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. માત્ર બે જ દિવસમાં સ્વસ્થ થઈ ઉપાશ્રયમાં આવી ગયા ! કેવો વ્હીલ-પાવર ? કેવી માનસિક સ્વસ્થતા? કેવું સત્ત્વ ? સમાધિનો 'પયગામ' જોઈતો હોય તો આવા સિંહસત્ત્વના સ્વામી પાસેથી મળી જાય.

જેમ જેમ અશાતાવેદનીય કર્મે પોતાનું જોર વધાર્યું, વેદનાના હુમલા કર્યા, પીડાની ઝડીઓ વરસાવી; તેમ તેમ શરીરની વિચારણાથી ઉપર ઊઠી વિપાકવિચય જેવા ધર્મધ્યાનમાં વધુ ને વધુ આગળ વધ્યા ! સમાધિમાં ઝીલતા રહી કર્મસત્તાને

હાર આપતા રહ્યા, કર્મ ખપાવતા રહ્યા, આફતને અવસરમાં તબદીલ કરતા રહ્યા!

આવી વેદનાઓનાં આક્રમણમાં સુયોગ્ય પદસ્થો, મુનિઓને છેદગ્રંથોનું વાંચન કરાવતા હતા. ઉનાળાની ગરમીમાંય સ્વશરીરનો વિચાર કર્યા વગર વાચના આપતા. તે મુનિઓ, પદસ્થો આજે આચાર્યાદિ પદ પર પ્રતિષ્ઠિત છે. અને કેટલાક આચાર્યાદિ પદ પ્રાપ્ત કરી પરલોકમાં સિધાવી ગયા છે. પૂજ્યશ્રીએ આ રીતે ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા દ્વારા ડઝનો સાધુઓ ઉપર (સાધ્વીજીઓ ઉપર) ઉપકાર કર્યો છે.

પૂજ્યશ્રી યોગોદ્વહન કરાવવામાં માસ્ટરી ધરાવતા હતા. યોગની તમામ ક્રિયાઓ મોંઢે હતી. હજારો લોચ કર્યા, તેમ સેંકડો કાલગ્રહણ પણ લીધાં હતાં. ક્રિયામાં ઉપયોગ પણ જોરદાર રહેતો. ભગવતી સૂત્રના યોગોદ્વહનનાં તમામ (લગભગ પાંચ હજારથી વધારે) ખમાસમણાં સંડાસા પૂજવા પૂર્વક ઊભા ઊભા દીધાં હતાં. પ્રમાદને પૂજ્યશ્રી સાથે દુશ્મની હતી !

અંતિમ દિવસો નજીક આવતા ગયા. કોઈને કલ્પના ન હતી.. ચૈત્ર સુ.૫ ના દિવસે સાંજે પ્રતિક્રમણ કરતાં ગભરામણ જેવું લાગ્યું. પરસેવો વધારે થયો. ડૉક્ટરને બોલાવ્યા. હાર્ટનો હુમલો આવ્યો છે, તેથી તત્કાલ હોસ્પિટલમાં લઈ જવાની સૂચના ડોક્ટર દ્વારા થઈ. અલબત્ત, પૂજ્યશ્રી હોસ્પિટલ જવા તૈયાર ન જ હતા. પૂજ્યશ્રીના પ્રશિષ્ય (હાલના ગચ્છાધિપતિ) પ્રવચનપ્રદીપ પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા આદિ ત્યાં બિરાજમાન પરિવારના તથા ડોક્ટરાદિ શ્રાવકોના નિર્ણય પ્રમાણે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. આઈ.સી.યુ.માં દાખલ કર્યા. એન્જીયોગ્રોફી કરતાં નસો બ્લોક થયાની વાત બહાર આવી. કેટલાક સંયોગો વિપરીત હોવા છતાં એન્જીપ્લાસ્ટી કરાવવી જરૂરી છે એવું ડોક્ટરનું કહેવું થયું. બીજે જ દિવસે પ્લાસ્ટી કરાવવા માટે લઈ ગયા. લગભગ ચારેક વાગે સ્પેશિયલ આઈ.સી.યુ. માં લાવી દીધા. બે કલાક તો ઠીક ગયા. પછી અચાનક ખભા વગેરેનો દુ:ખાવો જણાતાં ડોક્ટર્સ આવી ગયા. શક્ય તમામ ઉપચારો ચાલુ થયા. હાર્ટ કાર્યરત ન જણાતાં પંપીંગ કર્યું. બીજી તરફ નવકાર સંભળાવવાનું કાર્ય-ભાવોપચાર રૂપે ચાલું કર્યું. પૂ. ગણિવરશ્રી ભવ્યદર્શન વિ.મ. સારવારમાં ધ્યાન આપતા હતા. અને વેચાવચ્ચરસિક, આજીવન ગુરુસેવા તત્પર મુ.શ્રી દેવરત્ન વિ.મ. નવકાર સંભાળવા લાગ્યા. હોસ્પિટલમાં આ બંને મુનિવરો સાથે જ હતા.



સૂર્યાસ્ત પછી થોડી જ મિનિટોમાં એટલે કે લગભગ ૬.૫૦ મિનિટે પૂજ્યશ્રીએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. આંખોમાંથી જીવ ગયો. સ્વર્ગની વાટે સિધાવ્યા. આજીવન પડખે રહેલા- છાયા બનીને રહેલા બંને મુનિવરોને મોટો આઘાત લાગ્યો. ઉપાશ્રયમાં (ટોળકનગરમાં) બિરાજમાન પરિવારને સમાચાર મળતાં જ પૂ.આ.ભ.શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા આદિ હોસ્પિટલ આવવા નીકળી ગયા. પૂ.ગણિવરશ્રીભવ્યદર્શન વિ.મ. અને પૂ.મુ.શ્રી દેવરત્ન વિ.મ. રસ્તામાં જ મળી જતાં સૌ સાથે ટોળકનગર પરત ફર્યા.

પૂજ્યશ્રીના પાર્થિવ દેહને ટોળકનગર લાવવામાં આવ્યો. સુશ્રાવક ચન્દ્રકાંતભાઈ રાવ વગેરે કેટલાક ગુરુભક્ત શ્રાવકો હોસ્પિટલમાં જ હતા. ટોળકનગરમાં અંતિમ વિધિ થઈ. પૂજ્યશ્રીનો પરિવાર શોકમગ્ન બન્યો. ગમગીની છવાઈ ગઈ. ચતુર્વિધ સંઘની આંખોમાંથી શ્રાવણ - ભાદરવો વહેવા લાગ્યો. કર્મસત્તા સામે કોનું ચાલે ?

પૂજ્યશ્રીના પાર્થિવ દેહને સ્નાનાદિ કરાવી દર્શન માટે પધરાવ્યો. ૫૦-૭૦-૧૦૦ ફૂટ દૂરથી દર્શન કરતાં એમ જ લાગતું કે જીવતા જ બેઠા છે. લલાટ અને મુખ ઉપરનું તેજ પૂજ્યશ્રીની પ્રૌઢ પ્રતિભા અને સંયમ - જ્ઞાન - ધ્યાનની સાધનાની ચાડી ખાતું હતું !

૧૭. ટોળકનગરના પ્લોટમાં જ અગ્નિદાહ આપવાનો નિર્ણય લેવાયો. થોડા જ સમયમાં વાયુવેગે ભારતભરમાં સમાચાર પહોંચવા લાગ્યા. જેને જે સાધન મળ્યું તેમાં અમદાવાદ તરફનો રસ્તો લીધો. પૂજ્યશ્રીની જન્મભૂમિથી પણ સગા-સ્નેહીજનો રવાના થયા. જરિયાન પાલખીમાં પૂજ્યશ્રીના સંયમમૂત પાર્થિવ દેહને પધરાવાયો. ચઢાવા પૂર્વક તે - તે લાભો ભાગ્યશાળીઓએ લીધા.

ભારે હૈયે, જય જય નંદા.. જય જય ભદ્દાના ગગનભેદી સૂરો વચ્ચે પાલખી નીકળી. રાજમાર્ગો પર ફરી પુનઃ ટોળકનગર પધારી. ગમગીન હૈયે લાભાર્થી કલ્યાણભાઈ મણીભાઈ રાવ (ચન્દ્રકાંતભાઈ) તથા જ્યોતીન્દ્રભાઈ જેઠાલાલ શાહે સંયુક્ત રીતે અગ્નદાહ દીધો.

બીજી તરફ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા આદિ સેંકડો શ્રમણ-શ્રમણી સમુદાયે દેવવંદન કર્યું. અંતે પૂજ્યશ્રીએ પોતાના દાદા ગુરુદેવનો ટૂંકો પરિચય આપી હિતશિક્ષા પ્રદાન કરી.

પ્રથમ માસિક પુણ્યતિથિએ પૂજ્યશ્રીના પ્રશિષ્ય (વર્તમાન ગચ્છાધિપતિ) ની નિશ્રામાં ગુણાનુવાદની સભા થઈ. સ્થાનિક અનેક સંઘોના શ્રાવક-શ્રાવિકો ઉપરાંત અનેક ગામ - નગરોથી ભાવિક ભક્તો આવ્યા હતા. પૂજ્યશ્રીના ઉપકાર નીચે દબાયેલા, પૂજ્યશ્રીના ઉપદેશ - પરિચયથી ધર્મ પામેલા, પૂજ્યશ્રી તરફ ભક્તિભાવ ધરાવતા ભક્તોની ભીડથી વિશાલ હોલ નાનો પડ્યો ! ગુણાનુવાદ સુંદર થયા. અંતે પૂજ્યશ્રીની સારવાર કરનાર અમદાવાદના તમામ ડોક્ટર્સનું બહુમાન કરવામાં આવ્યું. સુધીરભાઈ, પરેશભાઈ વગેરે કેટલાક ડોક્ટર્સ તો પૂજ્ય ગુરુદેવના શિષ્યો બની ગયા હતા. તેમણે તો જણાવ્યું કે 'અમે અમારા ઉપકારી ગુરુદેવની માતા-પિતાની જેમ સેવા કરી છે. માતા-પિતાની સેવા કરનાર પુત્રો ક્યારેય બહુમાન લે ? લઈ શકે ? અમારું બહુમાન ન હોય. (આ ડોક્ટરો પૂજ્યશ્રીના શિબિરના વિદ્યાર્થી પણ રહી ચૂક્યા છે.)

અગ્નિસંસ્કારનો લાભ ન મળતાં બોરસદ નિવાસી ગુરુભક્ત કુમારપાળ અમીચંદજી બાગરેચાએ; અગ્નિ સંસ્કારના સ્થળે ગુરુમંદિર નિર્માણનો લાભ લેવાની તે સમયે જાહેરાત કરી હતી.

ટોળકનગરનાં કેટલાંક અંતરાયો હટતાં ત્યાં ગુરુમંદિર આદિ નિર્માણ કરવાની ભાવિકોની ભાવના છે. એ કાર્ય શીઘ્ર પૂર્ણ થાય તેવી શાસન દેવને પ્રાર્થના.

પૂજ્યશ્રીના સંયમ જીવનની (રત્નત્રયીની) સમુજ્વલ આરાધના નિમિત્તે ભવ્ય મહોત્સવ પણ ટોળકનગરમાં જ ઉજવાયો હતો. ભાવિકોએ મન મૂકીને પૈસા ખરચવાથી લઈ ખૂબ ચઢતા ઉલ્લાસે લાભ લીધો હતો. ૬૧ છોડના ઉદ્યાપન સાથે થયેલો અષ્ટાહ્નિક મહોત્સવ અનેકરીતે યાદગાર બની ગયો. તે સમયે પૂજ્યશ્રીના સુવાક્યો સાથેનું કેલેન્ડર તથા જીવનચરિત્રને આલેખતો ધર્મદૂતનો શ્રધ્ધાંજલિ અંક પણ પ્રકાશિત થયો હતો.

૧૮મી વાર્ષિક તિથિને ઉદ્દેશીને; આ અતિસંક્ષિપ્ત ચરિત્ર શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ રૂપે ધર્મદૂતમાં પ્રકાશિત કરેલ છે. જ્ઞાન-દર્શન ચારિત્રની વિશિષ્ટ સાધના, વિશિષ્ટ રક્ષા-પ્રભાવના - અને જ્વલંત સમાધિની જ્યોતની યાદી આપનાર, અનેક જીવો માટે મોક્ષમાર્ગના રાહબર બનેલા પૂજ્યશ્રી ! આપની જેમ અમે પણ સિદ્ધાંતની વફાદારી સાથે રત્નત્રયીના ઉપાસક બનીએ, એવા આશિષ દિવ્યદ્વારેથી આવશ્ય વરસાવશોજી. પૂજ્યશ્રીનાં પાવન ચરણોમાં અનંત અનંત વંદન. ધ



## ★ ઉન્માર્ગનો પરિત્યાગ .. સન્માર્ગનો સ્વીકાર ★★★

શ્રી આત્મારામજી મ.ના નામે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષિત થયેલા એ મહાત્માએ આગમાદિ શાસ્ત્રાભ્યાસ કરતાં કરતાં જોયું - વિચાર્યું કે - આપણો માર્ગ; પરમાત્માના મૂળ માર્ગથી વિપરીત છે. સાચો માર્ગ આ નથી. મૂર્તિપૂજકોનો માર્ગ જ વાસ્તવિક - પ્રાચીન અને શાસ્ત્રીય છે. સત્ત્વથી અને ખુમારીથી ભરેલા એ મહાત્માએ સત્યના સ્વીકાર અને સત્યની જ આરાધના માટે ગુરુ મ. ને વિનંતિ કરી.. એ બાબતે ગુરુએ પોતાની પક્કડ ન છોડી... કદાગ્રહ અને અસત્યનો પક્ષપાત જોવા મળતાં, તે ગુરુને પણ છોડી ૧૬ (સોળ) મુનિએ સાથે સ્થાનકવાસી મત-પંથનો ત્યાગ કરી, અમદાવાદમાં સંવેગી દીક્ષાનો સ્વીકાર કર્યો. બુદ્ધિબલે સ્થાનકવાસી પક્ષમાં હતા ત્યારે જેમને હારાવ્યા હતા, તે જ બુટેરાયજી મ.ના શિષ્યત્વનો સ્વીકાર કર્યો ! કારણ, તર્કાદિ ભલે મારી પાસે હતાં... પરંતુ સત્ય તેમના પક્ષે હતું.. સત્યના સ્વીકારના આગ્રહી એ શ્રી આત્મારામજી મહારાજે એક આદર્શ આપ્યો કે - 'હાર-જીતનો નિર્ણય બુદ્ધિ કે તર્કથી નહીં, સર્વજ્ઞના શાસનમાં શાસ્ત્રથી થવો જોઈએ.'

શ્રી આત્મારામજી મ.ની છટ્ઠી પેઢીના વારસદાર, ધારદાર પ્રવચનકાર, વ્યાખ્યાન - વાચસ્પતિ, સત્ય - સિદ્ધાંતના આગ્રહી અને ઉપાસક - સંરક્ષક પૂજ્યપાદ આ.ભ. **શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજે વિ.સં.૨૦૩૯ જે.સુ.૮ તા.૧૮-૬-૧૯૮૩ શનિવારે અમદાવાદ-દાનસૂરીશ્વર જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં** તેઓશ્રીની સ્વર્ગારોહણ તિથિને અનુલક્ષીને ગુણાનુવાદ કરેલ. તે જ પ્રવચનનું અવતરણ અહીં અપાય છે.

પ્રવચન વાંચવાથી શ્રીઆત્મારામજી મ.ના અને પ્રવચનકારશ્રીના હૃદયનું પ્રતિબિંબ તમારા (વાચકોના) માનસપટ પર ઉપસી આવશે. સત્યના શોધ - સંશોધક (ગવેષક), ઉપાસક - રક્ષક બનવાની ઉત્કંઠા જાગૃત થશે. પ્રવચનકારની શૈલી કેવી લાક્ષણિક - સિદ્ધાંતના પ્રેમવાળી છતાં કરુણાસભર છે;એ સમજાયા વિના નહીં રહે.

સત્યના ગવેષકો હંમેશા શાસ્ત્રસાપેક્ષ વિચારણા માટે ગમે ત્યારે તૈયાર હોય છે. પ્રવચનકારશ્રીએ તે સમયે જ નહીં, જીવનભર (જીવ્યા ત્યાંસુધી) પ્રેમથી સૌને એ માટે આવકાર્યા હતા. આવ્યા તેમને કરુણા -બુદ્ધિથી સમજાવવાનો પ્રયત્ન

કર્યો... સામી વ્યક્તિના વિચારોને સમજવાનો પણ તેટલો જ પ્રયત્ન કર્યો. સામી વ્યક્તિ સત્યને ન સ્વીકારે તો દ્વેષ ભાવ પણ કર્યો.

શ્રી આત્મારામજી (પૂ.આ.શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજાના ગુણાનુવાદ પ્રવચનના અવતરણનું વાંચન; વાચકોના દિલ-દિમાગને સત્યના પ્રેમી અને ઉપાસક બનવા માટે પ્રેરક બનશે જ, એવા વિશ્વાસ સાથે - **વિજયભવ્યદર્શન સૂરિ.**)

આજે એક એવા મહાનપુરુષનો સ્વર્ગવાસ દિવસ છે, જે મહાપુરુષનો આ શાસન ઉપર મોટામાં મોટો ઉપકાર વર્તમાન કાળમાં છે. પ.પૂ.આ.શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ, જેઓ શ્રી આત્મારામજી મહારાજના નામથી પ્રસિદ્ધ છે. તે મહાપુરુષ જૈન કુળમાં જન્મ્યા ન હતા. જૈનેતર કુળમાં જન્મેલાં હતાં. તેમના **પિતાનું નામ ગણેશમલજી** હતું અને **માતાનું નામ રૂપાદેવી** હતું. તેમના પિતાની સ્થિતિ સંગ તેવો રંગ લાગે તેવી હતી. તે વખતમાં ત્યાં એક ઈતર મતના ધર્મગુરુ વિચરતા હતા, જેમણે આ બાળકને જોઈને કલ્પના કરી કે આ મોટો રાજા થાય તેવો બાળક છે. તેથી તેમના પિતા ગણેશમલજી પાસે માંગણી કરી કે, આ બાળક મને સોંપી દે, માંગે તે પૈસા આપું. ત્યારે તેમના બાપે ઘસીને ના પાડી, તેથી તેમના બાપને ઘણાં કષ્ટ વેઢવાં પડ્યાં અને છેવટે એવા ગુનામાં પકડાયા કે જેલમાં જવાનો વખત આવ્યો.

ત્યારે પોતાના સ્થાનકવાસી મિત્રને કહ્યું કે-આ બાળકને સોંપુ છું, તું સાચવજે. હું આવું કે ન આવું, કાંઈ કહેવાય નહીં. આ રીતે તેઓ સ્થાનકવાસી સંપ્રદાયના પરિચયમાં આવ્યા. તેના પરિણામે ધર્મના સંસ્કાર જાગૃત થયા અને પરિણામે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી.

જે આત્માઓ, આત્માનો ઉદ્ધાર કરવા માંગતા હોય છે તેઓ હંમેશાં સત્યને સમજવાની કૌશિશ કરતા હોય છે. પોતે જે જે ધર્મમાં કે સંપ્રદાયમાં હોય છે, તે તે ધર્મનાં કે સંપ્રદાયનાં શાસ્ત્રો ભણતા હોય છે,જેને દેવ-ગુરુને ઓળખવાની ઈચ્છા નથી તે જીવો કદી પણ ધર્મને પામતા નથી. આજની ખૂબી એ છે કે સારી સામગ્રી મળવા છતાં તેની કિંમત સમજાતી નથી, તેના પર શ્રદ્ધા થતી નથી.

આજના હોંશિયારમાં હોંશિયાર માનવને દેવ-ગુરુ-ધર્મને ઓળખવાની ઈચ્છા જ નથી. સારામાં સારા દેવ - ગુરુ અને ધર્મને માનનારને પણ ખુમારી નથી કે મને જોઈએ તેવા દેવ - ગુરુ અને ધર્મ મળ્યા છે, દુનિયાના કોટિપતિ - અબજોપતિ



કરતાં ય હું ઘણો ભાગ્યશાલી છું. આવી સારી સામગ્રી પામ્યા પછી પણ જો હું આગળ ને આગળ ન વધુ તો તે મારી પૂરેપૂરી કમનસીબી છે : આવી ભાવના પણ પેદા થતી નથી, સારું પામ્યાની શ્રદ્ધા (ગૌરવ) પણ થતી નથી.

આ મહાપુરુષને સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધા પછી નવું ને નવું શાસ્ત્રજ્ઞાન મેળવવાનું જ મન હતું. તેમની અદ્‌ભુત શક્તિ હતી કે રોજના ત્રણસો (૩૦૦) શ્લોક મોઢે કરતા. પોતાના સંપ્રદાયનાં બત્રીશે (૩૨) આગમો તેમને કંઠસ્થ હતા. આપણે ત્યાં સ્થાનકવાસી મત કેવી રીતે ઉત્પન્ન થયો તે તમે જાણતા નથી. તે સાધુથી નહિ પણ એક લહિયાથી નીકળ્યો છે, તેનો ઈતિહાસ પણ તમે જાણતા નથી.

તે લોકો વ્યાકરણને વ્યાધિકરણ માનતા એટલે વ્યાકરણ ભણતા જ નહીં. ગ્રન્થો વાંચે તો સમજ આવે, પણ સમજ ન આવે માટે વ્યાકરણ ભણવાનો રિવાજ નહિ. એમને સત્ય જાણવાની એટલી ધગશ હતી કે, પોતાના સંપ્રદાયમાં જે જે વિદ્વાન ગણાય તેની પાસે ભણવા જતા પણ કોઈ આ અર્થ કરે, બીજા બીજો અર્થ કરે પણ તેમને બેસે નહીં. છેલ્લે એક વૃદ્ધ સાધુ રત્નચંદજી પાસે ભણવા મોકલ્યા અને તેઓ ગયા, તે રત્નચંદજી મુનિ વ્યાકરણ ભણેલા હતા, ભાષ્ય-ટીકા વાંચેલાં હતા, એટલે તેઓ જે જે અર્થ કરાવતા તે તે અર્થ આમને બેસવા લાગ્યા અને ભણવામાં મજા આવવા લાગી.

તેમને પણ આ મહાપુરુષને ભણાવવામાં મજા આવતી. આમની ઈચ્છા હતી કે આપની પાસે જેટલું હોય તેટલું ભણી લેવું છે. પરંતુ તેમના ગુરુ શ્રી જીવણલાલજી મુનિનો પત્ર આવ્યો કે જલદી આવો.તેથી આ વિસામણમાં પડ્યા - તેમની જવાની ઈચ્છા નથી પણ ગયા વિના ચાલે તેમ નથી.

તેથી તેમના વિદ્યાગુરુ શ્રી રત્નચંદજી મુનિએ કહ્યું કે ‘તું જઈ શકે છે, પણ એક વાત સાંભળી લે, તારા જેવો વિદ્યાર્થી મળ્યો નથી. સાચું સમજેલ પણ હું કહી શકતો ન હતો. મેં સાંભળ્યું છે કે - મૂર્તિનું તું ઘણું ખંડન કરે છે પણ આજ થી - હવે થી ખંડન કરીશ નહીં’ ત્યારે આમણે પૂછ્યું કે - ‘આપ ખંડનની કેમ ના પાડો છો? ત્યારે તેઓએ કહ્યું કે - ‘આગમમાં મૂર્તિના ઘણા બધા પાઠો છે, તે બતાવ્યા. આપણે ખોટી માન્યતા પકડી છે, માટે ખોટું નિરૂપણ કરીએ છીએ! ત્યારે તેમણે કબૂલ કર્યું કે હવે કદી નિંદા નહીં કરું. તે અને બીજી કેટલીક સલાહો પણ આપી. તેઓને સંતોષ થયો કે આજે મને સાચું જ્ઞાન મળ્યું, સાચો માર્ગ મળ્યો.’

ત્યાર પછી પોતાના ગુરુની પાસે ગયા, ત્યાં ખાનગીમાં સારી રીતે વ્યાકરણ ભણ્યા. જાતે નિર્યુક્તિ-ભાષ્ય આદિ વાંચતા થયા, પછી તો તત્ત્વ હાથમાં આવ્યું. આ રીતે તૈયાર થયેલા મૂંગા બેસી શકે ? જે મત ખોટો તે યોગ્ય આત્માને સમજાવ્યા વિના રહે ? પછી તો જે યોગ્ય આત્મા આવે તેને ખાનગીમાં સાચી વાત સમજાવતા. તેમને ખબર હતી કે જો આ વાત જાહેર થાય તો મોટો ઘોંઘાટ થાય, હો...હા...મચી જાય. તે માટે જાહેરાત ન થાય, તેની કાળજી રાખતા.

આ રીતે સાધુ અને શ્રાવકને તૈયાર કર્યા, બધાને કહ્યું કે, હમણાં જાહેરાત કરતા નહિ. તેમને હવે આ સંપ્રદાયમાં રહેવું પસંદ ન હતું, પણ ઉતાવળ કરે તો બીજા યોગ્ય આત્માઓને ન સમજાવી શકાય માટે રહ્યા. એકવાર એક સાધુને સમજાવતા હતા. તે કહે કે - 'તમે ગુરુ કહે છે, તેથી ઊંધું કહો છો.' ત્યારે તેઓશ્રીએ કહ્યુ કે - **'ગુરુ કેમ કર્યા છે ? સંસાર સાગર તરવા માટે.' તે સાધુ પણ પછી સમજ્યા. સત્ય સમજાયા પછી ખોટી વાત ન જ મનાય, આ તેમનો મુદ્રાલેખ હતો.**

એકવાર અમૃતસરમાં શ્રી ભગવતીજી સૂત્ર પર તેમનાં વ્યાખ્યાન થતાં હતાં. તે વખતે સ્થાનકવાસીના વડા પૂજ્ય શ્રી અમરસિંહજી પણ આવેલા.તે પણ તેમનું વ્યાખ્યાન સાંભળી ખુશ થયા અને કહ્યું કે - 'તું મોટો ભાગ્યશાલી છે. તું જે રીતે સમજાવે તે રીતે સાધુ સમજાવતા થાય તો કામ થઈ જાય. માટે મારા સાધુઓને ભણાવ, જેથી શાસનનો ઉદ્યોત થાય.'

આ સાંભળીને તેમણે કહ્યું કે - 'વ્યાકરણના જ્ઞાન વગર સાચો બોધ થઈ શકે નહિ માટે આપના સમુદાયમાં વ્યાકરણ ભણવાનું શરૂ કરાવો.' તેથી તે અમરસિંહજીએ પોતાના સાધુઓને ભણવા માટે મોકલ્યા અને એ રીતે સોળ સાધુઓને તૈયાર કર્યા.

એકવાર અમરસિંહજી વ્યાખ્યાનમાં આવેલ છે અને સ્થાનકવાસી સાધુઓ સૂત્રોના મનઃકલ્પિત અર્થ કરે છે. એ વિષયમાં બોલતા મહારાજ શ્રી આત્મારામજીએ જણાવ્યું કે - **'નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા વિના સૂત્રોના અર્થમાં ગપ્પાં મારવાં તે વ્યાજબી નથી. સૂત્રોનો સાચો અર્થ સમજવો હોય તો નિર્યુક્તિ આદિનો અભ્યાસ કરવો જોઈએ.** આ વાત તે પૂજ્ય અમરસિંહજીને ન ગમી અને ગુસ્સે થયેલા તેમણે કહ્યું કે - તારી શ્રદ્ધા બદલાઈ ગઈ છે !

ત્યારે શ્રી આત્મારામજી મહારાજે કહ્યું કે - 'મારી શ્રદ્ધા બદલાઈ નથી પણ હકીકત આ છે ! તે સાંભળી અત્યંત ગુસ્સે થયેલા તે પૂજ્ય અમરસિંહજીએ, શ્રી



આત્મારામજી મહારાજને સંપ્રદાય બહાર કાઢવા દરેક સાધુઓની અને તેમના ગુરુની પણ સહીથી એક નિવેદન બહાર પાડ્યું કે - 'આત્મારામજી શ્રદ્ધાભ્રષ્ટ છે માટે કોઈએ તેમની પાસે જવું નહિ,ઉતારો આપવો નહિ, સત્કાર કરવો નહિ.'

એકવાર તેમનાથી (અમરસિંહજીથી) તૈયાર થયેલા બિશનચંદજી આદિ જે ગામમાં હતા, તે ગામમાં શ્રી આત્મારામજી મહારાજ પણ જઈ પહોચ્યાં. ગુરુની મના હોવાથી બિશનચંદજી વગેરે મળવા ન આવ્યા એટલે મહારાજ આત્મારામજી પોતે મળવા ગયા અને કહ્યું કે-

'તમારે મારી પાસે નહિ આવવાનો નિયમ છે, મારે નિયમ નથી માટે હું જ તમને મળવા આવ્યો છું.' તે બધા પણ શ્રી આત્મારામજી મહારાજને ઉપકારી માનતા હોવાથી તેમના પગમાં પડ્યા. પછી તે બધાને સમજાવતાં કહ્યું કે - **'આપણે સંસાર છોડ્યો તે કુગુરુના વચન રૂપી કૂવામાં ડૂબી મરવા માટે નહિ પણ સાચું સમજીને સાચું સ્વીકારવા માટે.'** તે પછી તે બધાને આગમના પાઠો બતાવ્યા અને સમજાવીને એક વિચારવાળા કર્યા.

હવે તે સોળે સાધુઓ ભક્ષ્યાભક્ષ્યને સમજતા થયા, તેથી અભક્ષ્ય વસ્તુઓ વાપરવી બંધ કરી. તેમાંથી કોઈ એક સાધુ ફૂટ્યો અને તેણે તેમના પૂજ્ય અમરસિંહજીને બધી વાતો કરી દીધી અને કહ્યું કે આ તો બધાને બગાડે છે. તેની ખાત્રી કરવા તે દિવસે ઈરાદા પૂર્વક બોળ અથાણા જેવી વસ્તુઓ કે જેને આપણે અભક્ષ્ય માનીએ છીએ, તે ગોચરીમાં મંગાવી. બિશનચંદજી આદિએ તે ચીજ લેવાની ના કહી તો પૂજ્યે પૂછ્યું કે-'કેમ ના પાડો છો ?'

તે વખતે એમણે સ્પષ્ટ કહ્યું કે - 'આ તો અભક્ષ્ય છે.' પૂજ્યે કહ્યું કે - 'શી રીતે જાણ્યું ?' તો કહ્યું કે - 'પૂર્વાચાર્યોનાં વચનથી.' આ સાંભળી ગુસ્સે થયેલા પૂજ્યે ધમકી આપી કે - 'આ ખાઓ, નહીં તો અહીંથી ચાલ્યા જાઓ.' પેલાઓ તરત જ નીકળી ગયા. પૂજ્યે દરેક સ્થળે હુકમો મોકલી દીધા કે - 'આ સોળે સાધુઓ શ્રદ્ધા ભ્રષ્ટ થયા છે માટે કોઈએ તેમને આહાર-પાણી-ઉતારો આપવો નહિ.'

ધર્મ પામવાની ઈચ્છાવાળાને ધર્મ સમજવાનું મન ન થાય તે બને ? શ્રી આત્મારામજી મહારાજ ઉપકારક કેમ બન્યા ? સત્યના શોધક હતા માટે - **ધર્મ પામવાનો મહત્વનો ગુણ આ જ છે કે-અસત્યનો ત્યાગ અને સત્યનો સ્વીકાર. અસત્ય સમજાયા પછી પણ ન છોડે અને સત્ય જાણવા છતાં ય ન સ્વીકારે તે ધર્મ પામે નહિ.**

ધર્મમાં નવી વાત નીકળે તો સમજવાનું મન ખરું ? કે આપણે શું ? સાધુની ગરબડ સાધુ જાણે ? મોટા ભાગની આવી ભાવના હોવાને લીધે સત્ય ગુંગળાય છે. આજે સારા ગણાતા પણ સત્ય ને સ્વીકારતા નથી.

ત્યાર પછી તે સોળે સાધુ શ્રી આત્મારામજી મહારાજને મળ્યા અને બધી વાત કરી. મહારાજે કહ્યું - 'તમે થોડી ઉતાવળ કરી નાંખી. જે થયું તે ખરું.' તે પછી પણ અનેક મુશ્કેલીઓ વેઠીને પંજાબમાં ફર્યા, જેના પરિણામે જે પંજાબ મૂર્તિપૂજાનું વિરોધી હતું, ત્યાં હજારો નવા મૂર્તિપૂજક જૈનો બનાવ્યા. તે પછી ખોટો મત છોડી સાચો મત સ્વીકારવા તે સોળે સાધુઓને લઈને તેઓ ગુજરાત તરફ આવવા નીકળ્યા. તે બધાએ મુહપત્તિ કાઢી નાખી, **સ્થાનકવાસીઓએ મુહપત્તિ બાંધી તે ખોટું કર્યું તેમ આપણે મુહપત્તિનો ઉપયોગ છોડ્યો તે ખોટું કર્યું છે.**

હવે આ બાજું ગુજરાતમાં એવી વાત ફેલાણી કે, આત્મારામજી મોટો બખેડો જગાવી વાદ કરવા આવી રહ્યા છે. તે વખતે સાધુઓ અલ્પ હતા. જૂના સાધુઓ ઓછું ભણેલા હતા અને આમની નામના મોટી હતી. આમની સાથે વાદ કોણ કરે?તે વખતે સાગરજી મહારાજના ગુરુ શ્રી ઝવેરસાગરજી મહારાજ વિદ્વાન ગણાતા. અહીં આવ્યા પછી શ્રી આત્મારામજી મહારાજે કહ્યું કે 'હું ચર્ચા કરવા નથી આવ્યો પણ સાચા ગુરુની શોધ કરવા આવ્યો છું.'

શ્રી બુદ્ધિવિજયજી મહારાજા કે જેઓ પણ સ્થાનકવાસીમાંથી અહીં આવેલા હતા. ત્યાં તેમનું નામ શ્રી બુટેરાયજી મહારાજ હતું. એકવાર મૂર્તિના વિષયમાં શાસ્ત્રાર્થમાં શ્રી આત્મારામજી મહારાજે તેમને હરાવેલા. ત્યારે પૂ.શ્રી બુટેરાયજી મહારાજે તેમને કહેલું કે - **'યુક્તિમાં હું તને પહોંચી શકતો નથી પણ તારે આ મૂર્તિનો સ્વીકાર કર્યા વિના ચાલશે નહિ.'** તે શ્રી બુટેરાયજી મહારાજા અમદાવાદમાં વિદ્યામાન હતા તેમની સેવામાં ઉપસ્થિત થયા અને કહ્યું કે -

'મારે આપની પાસે દીક્ષા લેવી છે' **મત બદલે એટલે ગુરુ સ્વીકારવા જ પડે. જૈન શાસનમાં ગુરુ કર્યા વિના ચાલે જ નહિ.' નગુરા કોઈ હોય જ નહિ.** બાવીસ વર્ષના સ્થાનકવાસી દીક્ષાપર્યાયનો ત્યાગ કરી સં.૧૯૩૨ માં મૂર્તિપૂજક સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરી, તે આ શ્રી આત્મારાજી મહારામજ છે. ત્યારે ઉહાપોહ થયો અને ઘણા કહેતા કે - જેને હરાવ્યા તેના ચેલા થવું પડ્યું' ત્યારે શ્રી આત્મારામજી મહારાજે જવાબ આપ્યો કે - 'તમારે અમારા ગુરુ - શિષ્યની વચમાં આવવાનું નથી. **જેને હરાવેલા તે સાચા લાગ્યા તો તેના પગમાં માથું મૂક્યું.'**



આજે ય ઘણા મતભેદ છે. તે વખતેય સાધુ ઓછા અને શાસનમાં ગરબડ ઘણી હતી. તે બધાનો સામનો કરી કરીને જીવન પસાર કર્યું. તેના પ્રતાપેય આજે આટલા સાધુ જોઈ શકીએ છીએ. તે ન હોત તો આટલા સાધુ થાત જ નહિ.

જ્યારે તેઓ આ બાજુ આવવા નીકળેલા ત્યારે તેમના જે ગુરુ હતા તે રસ્તામાં મલી ગયા અને કહ્યું કે - **'તું પણ મને મૂકીને જાય છે'** ત્યારે શ્રી આત્મારામજી મહારાજે તેમના પગમાં પડીને કહ્યું કે - **'આપ અમારી સાથે ચાલો તો અમારા ગુરુ આપ જ છો. આપ ન આવો તો અમારાથી સાથે ન રહી શકાય. સંસાર સાગર તરવા ગુરુ કર્યા છે, ડૂબવા નહિ.'** ત્યારે તેમના ગુરુ મહારાજે આશીર્વાદ આપ્યા કે - **'તારું ભલું થાવ.'** તે કાળમાં ય તેમના મતમાં એવા આત્માઓ હતા કે, ખોટું લાગ્યું પણ ન છોડી શક્યા, રહી ગયા છતાં પણ હૈયાથી માનતા કે આ જ સાચું છે.

આજે સાચી ખોટી વાતને સમજવાની મહેનત કોણ કરે છે ? સમજાયા પછી ખોટી વાત છોડવાની અને સાચી વાત સ્વીકારવાની ઇચ્છા પણ કેટલાની છે ? આજે ધર્મનો અભ્યાસ જ કોણ કરે છે ? શ્રાવકને પણ તે જરૂરી ખરો ને ? તમારે સમ્યક્ત્વ જોઈએ છે ? તત્ત્વજ્ઞાન વિના તે આવે ? 'તત્ત્વાર્થ - શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' તો તે તત્ત્વભૂત અર્થોના અભ્યાસ વિના આવે ? આ મહાપુરુષ સાચું પામી ગયા.

**મિથ્યા - ખોટા મતમાં પડેલા સાચા મતમાં આવ્યા, સમ્યગ્દર્શન પામ્યા અને સમ્યગ્દર્શનનો જ પ્રચાર કર્યો, જેનું પરિણામ આજે જોઈએ છીએ.** તે મહાપુરુષનું જીવન લખનાર શ્રી વલ્લભસૂરિજીએ પણ લખ્યું છે કે - **'મહારાજ શ્રી આત્મારામજીએ જૈનમતમાં જે જે કુમતો ચાલતા તે બધાનું ખંડન કરીને સાચા મતનું જ પ્રતિપાદન કર્યું છે.'**

તે મહાપુરુષ એટલાં બધાં પુસ્તકો લખી ગયા છે - જો તે બધાં પુસ્તકોનો અભ્યાસ કરો તો પણ સાચો માર્ગ સમજાઈ જાય, સમ્યગ્દર્શન સમજાઈ જાય. બધા જ કુમતોનું ખંડન કરીને, વિરોધને સહીને સાચો માર્ગ જાળવ્યો છે. એક કુમતનું ખંડન કરવા આ મહાપુરુષે **'અજ્ઞાન તિમિર ભાસ્કર'** નામનો ગ્રંથ રચ્યો, જે આજે પણ મોજુદ છે. તેમાં નામપૂર્વક ખંડન કર્યું હોવાથી કેટલાકે કહ્યું કે, આ પુસ્તક છપાવશો અને કેસ થશે તો કોર્ટમાં જવું પડશે, તો શું કરશો ? ત્યારે તેમણે બેધડક સ્પષ્ટ રીતે જવાબ આપ્યો કે, **શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરનારાઓ અને શાસ્ત્રવિરુદ્ધ**

**પ્રચાર કરનારાઓનું ખંડન કરતાં અમારે રાજદરબારમાં જવું પડે તો તેમ કરીને પણ સત્ય વસ્તુ રજૂ કરીશું.** તું કેમ ગભરાય છે ? ગ્રંથ બનાવનાર હું જીવતો મોજૂદ છું. કેસ કરશે તો મારી પર કરશે. તો હું રાજદરબારમાં જઈશ. **આવા ન્યાયી રાજ્યમાં સત્ય નિરૂપણ નહિ કરીએ તો ક્યારે કરશું ?** તેમના જ શિષ્યો - પ્રશિષ્યો તેમના ગ્રન્થો વાંચે તો સારું, જેથી સદ્‌બુદ્ધિ આવે. બાકી જેમણે તેમના ગ્રન્થો છપાવ્યા, તેમના ગુણગાન ગાય છે. તે બધા આજે એકતા અને લોકહેરીમાં પડી ગયા છે. !

એકતામાં જગતના સઘળાય જીવોનું ભલું ઈચ્છનાર શ્રી જૈનશાસન છે પણ એકતા કોની સાથે થાય, તે સમજવું પડે. આપણે ત્યાં ભગવાન પણ તે જ થાય જેને સારા જગતને શાસનના રસિયા બનાવવાની ઈચ્છા હોય. શ્રી તીર્થંકર નામકર્મ નિકાચના કરનાર આત્માઓ, શ્રી તીર્થંકર પરમાત્માના પૂર્વના ત્રીજે ભવે એવી ભાવદયા ચિંતવે છે કે, **'જો મારામાં શક્તિ આવે તો જીવમાત્રમાં જે સંસારનો - વિષય કષાયનો રસ ઠાંસી ઠાંસીને ભર્યો છે તે નિચોવીને શાસનનો - મોક્ષનો રસ ભરી દઉં. જેના પ્રતાપે સૌ સાચાં સુખને પામે.'**

**જે જીવ શાસનનો રસિયો ન થાય તે જીવ મુક્તિ પામે નહિ. મુક્તિ ન પામે તે સાચું સુખ પામી શકે નહિ.** સુખના અર્થી જીવો સમજી શકે તો બધાને સમજાવી શાસનના રસિયા બનાવી, બધાનું ભલું થાય તેમ શ્રી જૈનશાસન ઈચ્છે કે બીજું ઈચ્છે ? જે ઉન્માર્ગે જતા હોય તેનો નાશ થાવ, તેનું નિકંદન જાવ તેમ શ્રી જૈનશાસન ઈચ્છે ? ના. **શ્રી જૈનશાસન તો સાચા - ખોટાનો વિવેક કરાવનાર છે.** ખોટાને ખોટા તરીકે અને સાચાને સાચા તરીકે જાહેર કરનાર છે, જાણકાર આવી ઓળખ ન કરાવે તો કોણ કરાવે ?

શ્રી અરિહંત પરમાત્માઓએ બધું ખોટું સમજાવી એક મોક્ષમાર્ગ જ સાચો માર્ગ સમજાવ્યો. શ્રી ઈન્દ્રભૂતિજી આદિએ કુમતનો ત્યાગ કરી ભગવાનનું શાસન સ્વીકાર્યું તે જાણો છો ? ભગવાનના અગિયારે (૧૧) ગણધરો કયા મતના ? તે બધા મતોને ખોટા જાહેર કરી સાચું - સાચો મત સમજાવ્યો ને ? સાચું - ખોટું જ્ઞાની કહ્યા વિના રહે ?

આ મહાપુરુષ અમારા બધાના વડેરા છે. તેમના બળે આટલા સાધુ વધ્યા છે, **તમે જાણતા હો તો શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મૂલચંદજી મહારાજ, શ્રી**



**વૃદ્ધિચંદજી મહારાજ આદિ સ્થાનકાવાસીમાંથી આવ્યા છે. અને મૂર્તિપૂજક સાધુ બન્યા છે. તેમનો જ આ મોટો પરિવાર છે. આ ક્યારે બન્યું ? ખોટો માર્ગ છોડી સાચો માર્ગ સ્વીકાર્યો ત્યારે ને ? તે બધાએ સત્યના પ્રચારમાં પોતાનો ફાળો આપ્યો છે. તેમાં શ્રી આત્મારામજી મહારાજનો ફાળો અદ્‌ભુત છે.** આજે હવા બદલાઈ છે કે બધા સાથે એકતા કરવી જોઈએ.

પ્ર.: ખંડન વગર મંડન નહિ તે વાત સાચી છે, પણ માત્ર ખંડન ખંડન કરીશું તો ઝગડા થશે, વિખવાદ વધશે; તેમ કેટલાક કહે છે તો શું કરવું ?

ઉ.: મહાપુરુષોએ સત્યના પ્રતિપાદન માટે ખોટાનું ખંડન કર્યું તે ભૂલ કરીને? શાસ્ત્રમાં ઠેર ઠેર મિથ્યાત્વનું ખંડન અને સમક્તિનું મંડન કર્યું છે તે ખોટું છે? તો હવે અમે મિથ્યાત્વ અને સમ્યક્ત્વ ભેગું કરીએ ? બધા જ ધર્મો સાચા છે, તેમ કહીએ ? ખંડન વગર મંડન થાય જ નહિ. મકાન બાંધવું હોય તો શું કરવું પડે ? કપડાં પહેર્યાં છે, તો તે કપડાંના તાકાનું ખંડન કર્યા પછી પહેર્યાં ને ?

અનાજ ઊગે તો તે જમીન ખેડ્યા પછી બીજ વવાય ને ? ખોટાંને કાઢ્યા વિના સાચું ન સ્થપાય. જે ખોટાંને ન કાઢે તે સાચાનું મંડન કરી શકે જ નહિ. કોઈને ય ખોટાં કહ્યા વિના, તમે સારા, તેમ કહેવાય ?

પ્ર.: પણ મંડનમાં જ પ્રધાનતા રાખો તો.

**ઉ.: ખંડન પણ મંડન માટે જ કરીએ છીએ. ખોટાનું ખંડન અને સાચાનું મંડન કરવું જ પડે. ખોટું આઘું મૂકે અને સાચું સ્વીકારે તો જ માર્ગ રહે.** તેથી અજ્ઞાનીઓ વિખવાદ કરે તો તેની ચિંતા જ્ઞાની ન કરે. ઘરને પણ સારી રીતે ચલાવવું હોય તો આ રસ્તો લીધા વિના ચાલશે નહિ. **માટે સમજો કે ખંડન પૂર્વક જ મંડન હોય.**

તમે લોકો આપણો ઈતિહાસ જાણતા નથી, શાસનના મહાપુરુષોને ઓળખતા નથી, તેથી આવી વાતોમાં મૂંઝાવ છો. થોડાં વર્ષો પૂર્વે દીક્ષા દુર્લભ હતી. દીક્ષાની ઈચ્છાવાળો પણ દીક્ષા ન લઈ શકે તેવો કાળ હતો. ગણત્રીના જ સાધુ હતા. શ્રી મૂલચંદજી મહારાજને ઓળખો છો ? તે ખાનગી દીક્ષાઓ પણ આપતા. તે વખતના શ્રાવક સંઘો અને ગામો પણ મજબૂત હતાં. **બોરુ ગામ છે, ત્યાંનો સંઘ ઘણો મજબૂત હતો, તે કહેતો કે - 'ઝગડાવાળી દીક્ષા હોય તો અમારે ત્યાં મોકલશો અમે દીક્ષા કરીશું અને ઝઘડો ખમી ખાઈશું.'**

તેવી એક દીક્ષા થઈ. તેનો ઘણો ઝગડો થયો. તે વખતે આ જ **અમદાવાદમાં ભરસભામાં એક શ્રાવક ઊભો થઈને શ્રી મૂલચંદજી મહારાજને કહે કે - 'આવી રીતે મુંડશો તો કડીઓ પહેરવી પડશે' ત્યારે શ્રી મૂલચંદજી મહારાજે બેધડક કહી દીધું કે - 'તારા જેવો કાળામુખનો ધણી કડીઓ પહેરાવનાર છે તો કડી છોડાવનારા જૈનશાસનમાં ઘણા છે.'** પછી તો નગરશેઠે ઊભા થઈને તેની પાસે માફી મંગાવી. આ રીતે દીક્ષા તેમણે કરી છે. જો તેઓ કજિયાથી ગભરાયા હોત તો આટલા સાધુ હોત નહિ.

અમે પણ સાધુ શી રીતે થયા, તે ખબર છે ? વરઘોડા નથી કાઢ્યા, વાજાં નથી વગાડ્યાં, નાસી ભાગીને સાધુ થયા તે ખોટું કર્યું કે સારું કર્યું ? આજે તમને સાધુ થવાની ઈચ્છા થતી નથી પણ ઈચ્છા થાય તો શું થાય ? હું વ્યાખ્યાનમાં જાઉં છું તે દીક્ષાની ભાવના થાય માટે, તેમ જો ઘેર કહો તો અહીં આવવું ભારે પડશે.

શ્રી આત્મારામજી મહારાજનો શ્રી જૈનશાસન ઉપર જે ઉપકાર છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. **સંઘર્ષમાં અને કુમતોના ખંડનમાં જ તેમનું જીવન પસાર થયું છે.** શાસનમાં જે કાંઈ ખોટું ચાલતું તેનો મહારાજ શ્રી આત્મારામજીએ પડકાર ફેંકેલો. **શાંતિસાગર, હુકમમુનિ આદિના મતનું ખંડન કરી તેમને ખોટા જાહેર કરેલા. તેમ ન કર્યું હોત તો સાચો માર્ગ આપણા હાથમાં આવત ?** તેમનું જીવનચરિત્ર વાંચો તો ય ખ્યાલ આવે. પણ તમને મહાપુરુષોનાં જીવન વાંચવાની ફુરસદ ક્યાં છે ? તેમના શિષ્યો - પ્રશિષ્યો પણ વાંચે તો ય તેમને ખ્યાલ આવે કે આપણે ક્યાં છીએ ?

પ્ર.: કજિયા અહીં કે સામા પક્ષે પણ ?

ઉ.: સામો પક્ષ પણ કજિયા કરે તો તેનું ખંડન કરવું પડે.

સંઘમાં નવા નવા મતો ચાલતા. ગૃહસ્થપણામાં પણ સાધુપણું પાળી શકાય. સાધુ થવાની જરૂર નથી. **પાઘડી - ખેસ પહેરી વ્યાખ્યાન વાંચતા તેવા શાંતિસાગરને પાટ પરથી ઉઠાડનાર આ મહાપુરુષ છે.** ગૃહસ્થો પણ ગુરુ હોઈ શકે છે તેમ કહે અને પોતે ગુરુ તરીકે ફરે અને શાસ્ત્રને માને નહિ તેનું ય ખંડન કરી ઉન્મૂલન કરનાર આ મહાપુરુષ છે. છેલ્લાં સો વર્ષમાં શું શું બન્યું તેની તમને કશી ખબર નથી. આ મહાપુરુષે ખંડન ન કર્યું હોત, ખોડી વાત જાહેર ન કરી હોત તો શું થાત!



હમણાં પણ કેટલા કેટલા કુમતો ચાલે છે, તે જાણો છો ? ખંભાતમાં શ્રીમદ્ રાજચંદ્રનો નવો મત શરૂ થયો, તો રાજચંદ્રની અને ભગવાન મહાવીરની મૂર્તિ સાથે જ બેસાડી. તેના અનુયાયીઓ ગાતા કે - 'તે જિન પૂજો ભવિકા ! તે જિન પૂજો-' ભગવાન શ્રી મહાવીર પરમાત્મા તે જિન નહિ પણ રાજચંદ્ર તે જિન, **આવું માનનાર બધાને ત્યાંના આગેવાનોએ સંઘ બહાર મૂક્યા. માફી માંગી પછી જ પાછા સંઘમાં લીધા.** આ બનાવ તો પ.પૂ. આ. શ્રી વિ. કમલસૂરીશ્વરજી મ.ની હાજરીમાં બનેલ છે. **આ અમદાવાદમાં પણ કોને કોને સંઘ બહાર મૂક્યા તે જાણો છો ? શાસ્ત્રવિરૂદ્ધ બોલે તેને સંઘ બહાર મૂકી દેતા,** તે ખબર છે ? **તેમાં તો અમદાવાદના સંઘે આગેવાની લીધી છે.**

શાંતિદાસ શેઠનું નામ સાંભળ્યું છે ? મુસલમાની રાજમાં સૂબાએ આપણા વરઘોડાની પરવાનગી માંગવા કહ્યું. ત્યારે શેઠે કહ્યું કે - 'અમે પરવાનગી માંગી નથી કે માંગવાના પણ નથી.' તે શેઠ કેવા છે, તે જાણો છો ? તે શેઠ સૂબાને ઓળખતા હતા, માટે પોતાના ઘરે પોતાનું લશ્કર રાખતા અને પોતે બધો ખર્ચ નિભાવતા. **જ્યારે સૂબાએ વરઘોડો ન નીકળે માટે લશ્કર મોકલ્યું તો શેઠે પોતાનું લશ્કર સામે ઉતાર્યું.**

ત્યારે ગામના આગેવાનોએ બન્નેને સમજાવ્યા કે આ શું કરો છો ? તમે બન્ને લડશો તો લોકોને જ નુકશાન થશે. આ પ્રમાણે સમજાવીને સમાધાન કરાવ્યું. ત્યાર પછી શાંતિદાસ શેઠે બાદશાહ પાસે જઈ સૂબાની બદલી કરાવી. **ધર્મ - તમારા આગેવાનોએ સારી રીતે પ્રાણના ભોગે જાળવ્યો છે, તમે તો કપડાં પહોળા કરી બેસી રહ્યા છો,** ઘણા ઘણા બનાવો બન્યા છે, તમને કશી ખબર નથી.

**મહારાજ શ્રી આત્મારામજી જેવા સત્યના પ્રેમી હતા અને અસત્યનું ઉન્મૂલન કરનાર હતા, તે ગુણ સૌએ મેળવવા જેવો છે.** તે વિના સાચો માર્ગ હાથમાં આવે જ નહિ. ગુરુ પણ ખોટે માર્ગે હોય તો તેમને તજીને બીજા ગુરુ કરી શકાય; તેમ તેઓ કહેતા, કેમકે ગુરુ તરવા માટે કરવાના છે પણ ડૂબવા માટે નહિ. સિદ્ધક્ષેત્રને - 'પત્થરના ટેકરામાં જવાથી શું' તેમ કહેનાર 'માંડ માંડ થાકીને આવ્યો છું' તેમ કહી તેમનાં સ્તવનોમાં રોયા છે.

જે મતને તે છોડીને આવ્યા તે મત સાથે એકતા સાધવાની વાત કરાય ? ખોટાની સાથે એકતા શી રીતે સધાય ? **મૈત્રી આખા જગતની ઈચ્છાય પણ સંબંધ**

**કોની સાથે રખાય તે સમજવું પડે. અયોગ્યની સાથે સંબંધ પણ ન રખાય. સિદ્ધાંતની વાતમાં તો તમે જુદા અને અમે જુદા-તેમ કહેવું જ પડે. તેમાં ન જ ચાલે.**

પ્ર.: તો વિભાજન કેટલાં થશે ?

ઉ.: થાય તેટલાં. કેટલું અંગ કાપવાનું ? સડ્યું હોય તેટલું. જેટલું ખોટું તે બધું કાપવું પડે. સાચામાં બગડે તેય કાપવું પડે. તંબોલી રોજ કેટલાં પાન કાતરે ? તે કાતર વિના બેસે તો તેનો ધંધો ચાલે ? પાનને ભીનાં રાખવાં પડે, ભીનાં પાન કહોવાયાં વિના રહે નહિ, માટે કાપવાં જ પડે.

સાચો મત જીવાડવો હોય તો ખોટું ન જ પેસવા દેવાય. ખોટું તે કાપવું જ પડે. દરજીય કપડાં સીવે તે કાતર લઈને.

પ્ર.: સાથે સોય હોય ને ?

ઉ.: સાંધવાનું કોને ? સંધાય તેને જ. ન સંધાય તેને તો કાપવું જ પડે.

બધા જ મહાપુરુષોએ તે જ કામ કર્યું છે અને તે જ કામ કરતા આવ્યા છે. બધા ટીકાકારાદિ મહર્ષિઓએ તે તે ગ્રન્થના પ્રાન્તે લખ્યું કે - 'અનંતજ્ઞાનીઓએ જે કહ્યું તે જ અમે કહીએ છીએ છતાં પણ છદ્મસ્થપણાંથી જે કાંઈ ભૂલ થઈ હોય તે ગીતાર્થોએ સુધારવી.' કોઈએ ખોટું માનવાનું જ નથી, તેવી મહાપુરુષોની સ્થિતિ છે.

સાચું આજ સુધી કેમ જળવાઈ રહ્યું છે ? સાચાએ ખોટાને પેસવા દીધું નથી માટે, બધાના ઘરમાં રોજ સાવરણી ફરે ? ન ફેરવે તો ! આ તમારી મ્યુનિસીપાલિટિ કચરો રોજ સાફ ન કરે તો તમે બહાર નીકળી શકો ? ઘર સાફ રાખવું હોય તો રોજ રોજ કચરો કાઢવો જ પડે. કચરો કાઢે તે સુઘડ, બાકી ? બાકીની ફુવડ ! સુગુરુ કોનું નામ ? ખોટી વાતને રોજ ખંખેર્યા જ કરે. એક ખોટી વાતને ચાલવા ન દે.

(ક્રમશઃ) ધ

## ★ અહો નવકાર !!! - ૨ ★★★

**સંકલન - આલેખન : પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**રાજપુત્ર - શ્રીદેવ**

માનવનો એક જ સહજ સ્વભાવ રહ્યો છે : જે મળ્યું હોય તેને વધારવું. રાજાને રાજ્ય વધારવાનો, શ્રીમંતને પૈસા - રત્નાદિ વધારવાનો, વ્યાપારીને વ્યાપાર વધારવાનો...પરિગ્રહ અને ભૌતિકસુખની સામગ્રી વધારવાની તમન્ના કોને નથી હોતી ? કાશ ! જ્ઞાનીની દૃષ્ટિએ તો આ એક રોગ છે. પરિગ્રહ રોગ છે તો અપરિગ્રહ



આરોગ્ય છે. રોગીને આરોગ્ય પામવા માટે ઔષધની જરૂર હોય છે. તો પરિગ્રહ - રોગની દવા છે : સર્વથા પરિગ્રહપરિમાણ મહાવ્રત અથવા સ્થૂલ પરિગ્રહપરિમાણ વ્રત (જેને ચાલુ શબ્દમાં સંતોષ કહેવાય છે.)

કાંપિલ્યપુર નગરમાં આવો જ એક રાજા હતો, જેનું નામ શ્રી હર્ષ. રાજાને સાક્ષાત કુબેર જેવો પુત્ર હતો, જેનું નામ છે શ્રી દેવ !

મળેલા રાજ્યનો વિસ્તાર વધારવાની તમન્ના શ્રી હર્ષરાજાના દિલમાં જાગ્રત થઈ. ભાવનાને સાકાર કરવા માટે, પોતાના સૈન્યને લઈ ધરતીને ધ્રુજાવતો દિગ્‌વિજય કરવા નીકળ્યો. કેટલાક જીવો પોતાના કે પોતાના સૈન્યાદિનાં બળના ઘમંડમાં ગમે તેની સાથે બાથ ભીડતા હોય છે. મારો વિજય નિશ્ચિત છે : એવા મિથ્યાભિમાનમાં રાચતા હોય છે. પોતાની તાકાતનું માપ કાઢ્યા વગર આક્રમણ કરી બેસતા હોય છે. હા, ક્યારેક પ્રબળ પુણ્યોદયે, તેવા પ્રકારની વ્યૂહરચના વગેરેના પ્રભાવે બળવાન સામેય વિજય મળી જતો જોવા મળે છે. અલબત્ત, દરેક વખતે આવી આશા રાખવી, એ ઠગારી સાબિત પણ થાય છે.

વચમાં આવેલા કામરૂપનગરનો રાજા બળવાન અને દુર્જય હતો. બંને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. ઘણો નરસંહાર પણ થયો. સમય પણ ઘણો વ્યતીત થયો. હજી જય પરાજય કોઈનોય થતો નથી. છેવટે મોટા પાયે સૈનિકોની કતલાદિ થવાથી દેવોએ બંનેને સમજાવ્યા. શ્રી હર્ષને યુદ્ધથી અટકાવ્યો. શ્રી હર્ષ પોતાના નગરમાં પાછો ફર્યો. વૈરાગ્યવાસિત બનેલા શ્રી હર્ષે, પોતાના પુત્ર શ્રીદેવનો રાજ્યાભિષેક કરી દીક્ષા સ્વીકારી લીધી. આત્મસાધનાના માર્ગે લાગી ગયા.

શ્રીદેવને રાજ્ય કરતાં કરતાં પિતાના સમયનું કામરૂપનગરના રાજા સાથેનું વૈર યાદ આવ્યું. દિલમાં સંગ્રહેલું વૈર ગમે ત્યારે આગ બનીને બહાર આવતું હોય છે, માટે જ જ્ઞાની ભગવંતો પહેલાં દિલને સાફ કરવાની વાત કરે છે. દિલની દિવાલો કાળી હોય ત્યાં શાંતિ-સમાધિ કે સમતા ક્યાંથી હોય ? આત્મશુદ્ધિ ક્યાંથી થાય ? વૈરનો અનુબંધ તો માત્ર આ લોક જ નહીં, આવનારા જન્મો પણ (જન્મોની પરંપરા) બગાડી નાખે છે. કષાયોની કાલિમા આત્માનેય કાળો બનાવે છે. દિલ અને દિમાગ પર કષાયો અડ્ડો જમાવીને બેઠા હોય ત્યાં ધર્મને પ્રવેશ ક્યાંથી મળે?

પિતાના સમયનું વૈર યાદ આવતાં શ્રીદેવ ત્યાં જઈ યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. શાણા મંત્રીઓએ અટકાવવા માટે ઘણી મથામણ કરી...શ્રીદેવ પોતાની

જીદ પકડીને બેઠો. મંત્રીઓની વાત માનવા - સ્વીકારવા તૈયાર ન થયો. કામરૂપનગરના રાજાને જીતવા નીકળી પડ્યો ! બંને વચ્ચેય લાંબા સમય સુધી યુદ્ધ ખેલાયું. છતાં વિજય ન મળ્યો. શ્રીદેવ ત્યાંથી એકલો ભાગ્યો. જંગલનો માર્ગ લીધો. પોતાના સૈન્યમાં ઘણા સૈનિકો માર્યા ગયા હોવાથી જીતવાની કોઈ જ સંભાવના ન હતી. બચેલા સૈન્યમાં પણ ભંગાણ પડ્યું.

અટવીમાં પહોંચેલા તેને ભયંકર તરસ લાગી. અટવીમાં એક ભીલે તેને પાણી પીવડાવ્યું. જંગલમાં ફરતાં ફરતાં એક જૈન મુનિવર દૃષ્ટિ પથમાં આવ્યા. મુનિવર પાસે ગયો. કરુણાસાગર મુનિવરે તેને ધર્મનો ઉપદેશ આપ્યો. મુનિવરનું તો આ જ કાર્ય છે. પોતાની સાધનાના અવકાશમાં કોઈ યોગ્ય જીવ આવી જાય તો મુનિવર જીવની યોગ્યતા પ્રમાણે ધર્મની પ્રેરણા કરતા હોય છે. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જેમ આવેલા જીવની યોગ્યતા તપાસવાની છે, તેમ ઉપદેશ આપવા માટે પોતાની લાયકાત પણ જોવાની છે. બધાને ઉપદેશ આપવાનો અધિકાર નથી હોતો !

ધર્મની વાતો કરતાં નવકાર મહામંત્રની તથા તેના પદોની વાત પણ સમજાવી. નવકારમંત્રના માહાત્મ્યની સમજણ આપતાં કહ્યું 'જે ભવ્યાત્મા પરમાત્માની પૂજા સાથે વિધિપૂર્વક એક લાખ નવકાર ગણે તો તે ત્રીજા ભવે અથવા સાતમા - આઠમા ભવે સિદ્ધ થાય છે. વળી, આ જ નવકાર મહામંત્રનો એકાગ્રતાપૂર્વક સર્વોત્તમ એક લાખ જાપ કરે તો તીર્થંકરની પદવી પ્રાપ્ત થાય છે. મધ્યમ ભાવથી જાપ કરે તો ચક્રવર્તી વગેરેની 'સમ્રાટ' પદવી પામે છે. સામાન્ય જાપ કરે તો જીવોને સામ્રાજ્ય લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. માટે તું શઠતાનો ત્યાગ કરી, એકાગ્ર થઈ જાપ કર.. આગળ બોલતાં મુનિવરે કહ્યું: હે ભદ્ર ! આ સામે રહેલું જિનાલય દેખાય છે, તે પણ નમસ્કાર મહામંત્રનું જ ફળ છે.'

આ જિનાલયનો ઇતિહાસ સાંભળ ! પહેલા દેવલોકમાં હેમપ્રભનામનો દેવ હતો. તે દેવે એકવાર કોઈ કેવલી ભગવંતને પૂછ્યું - હે ભગવન્ ! મને સમ્યગ્દર્શન થશે કે નહિ ? વળી, મારો આવતો જન્મ કઈ યોનિમાં અને ક્યાં થશે?

કેવલીભગવંતે ઉત્તર આપતાં જણાવ્યું કે - હે દેવ ! તું પ્રથમ દેવલોકમાંથી આયુષ્ય પૂરું થયે ચ્યવીને આ જ અટવીમાં વાનરયોનિમાં ઉત્પન્ન થઈશ અને ઘણી મહેનતે ધર્મપ્રાપ્તિ થશે. એટલે કે તે માટે તારે સારું એવું કષ્ટ ઉઠાવવું પડશે.

જ્ઞાની ભગવંતના શ્રીમુખે આ વાત સાંભળ્યા પછી પોતાના પ્રતિબોધ માટે - ધર્મપ્રાપ્તિ માટે તે અટવીની દરેક શિલાઓ ઉપર નમસ્કાર મહામંત્રનાં પદો



કોતરી દીધાં. સમય વીત્યે તે દેવ, દેવલોકમાંથી ચ્યવીને, જ્ઞાની ભગવંતે જણાવ્યું હતું તે જ રીતે, તે જ અટવીમાં વાંદરા તરીકે અવતર્યો. શિલાઓ ઉપર નવકાર મંત્રાધિરાજની પંક્તિઓ જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દેવભવનું સ્મરણ થયું. કેવલીભગવંતે કહેલી વાતો યાદ આવી. ભવને સુધારવા માટે અને વર્તમાનમાં મળેલા વિવેક શૂન્ય વાનરના ભવમાં થતાં સહજ પાપોથી બચવા અનશનનો સ્વીકાર કર્યો. મનમાં નવકારમંત્રના સ્મરણ કરતાં કરતાં સમાધિમય મૃત્યુ પામી, ફરી તે જ દેવલોકમાં, તે જ વિમાનમાં, પૂર્વનામધારી દેવ તરીકે જન્મ પામ્યો. તે દેવે (હેમપ્રભે) પોતાના આગામી બોધ માટે અહીં મનની પ્રસન્નતા અને ભાવોલ્લાસથી શ્રીશાંતિનાથ ભગવાનનું ઉન્નત ચૈત્ય કરાવ્યું છે.

આ હકીકત સાંભળી શ્રીદેવરાજાએ, એ મુનિવર પાસે નવકારમંત્ર ગ્રહણ કર્યો. દ્રવ્યથી નવકાર મેળવવાનું કાર્ય પણ અઘરું છે. આયુષ્ય સિવાયનાં સાતે કર્મોની સ્થિતિ અંતઃ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ થાય ત્યારે દ્રવ્યથી નવકારમંત્રની પ્રાપ્તિ સંભવિત બને છે. ભાવથી નમસ્કાર મહામંત્ર મેળવવાની વાત અને વિધિસહિત (ઉપધાનાદિના વિધાન પૂર્વક) નવકાર મંત્રને ગ્રહણ કરવાની - ગણવાની પાત્રતાની વાત તો ઘણી દૂરની છે.

આચારાંગાદિ મોટાં મોટાં (હજારો - લાખો શ્લોક પ્રમાણ) આગમો - શાસ્ત્રોને 'શ્રુતસ્કંધ' શબ્દથી ઓળખાય છે. નવકાર મંત્રને (માત્ર ૬૮ અક્ષર હોવા છતાં) 'મહાશ્રુતસ્કંધ' કહેવાય છે. આના ઉપરથી તેની મહાનતા - મહત્તાનો ખ્યાલ કરી શકાય છે. આ નવકારની - નવકાર ગણવાની શાસ્ત્રીય રીતે અનુમતિ મેળવવા માટે ૧૮ દિવસના (મૂળ વિધિથી કરે તો ૧૬ દિવસ) ઉપધાન કરવાં પડે છે. રોજની ૧૦૦ ખમાસમણ, ૧૦૦ લોગસ્સના કાઉસ્સગ્ગાદિની કેટ - કેટલી વિધિ-ક્રિયા અપ્રમત્તતા પૂર્વક કરવી પડે છે. તેટલા દિવસ ઘર - વ્યપારાદિને છોડી પૌષધમાં રહેવું પડે છે... ! આ રીતે બૃહદ્દેવવંદનમાં વપરાતાં સૂત્રોની અનુમતિ- મેળવવા માટે છ ઉપધાન કરવાનું શાસ્ત્રીય વિધાન છે.

શ્રીદેવે વારંવાર નવકારનો સમ્યક્પાઠ ગુરુદેવ પાસે ગ્રહણ કરવા પૂર્વક અસ્ખલિત કરી લીધો. ઉચ્ચાર શુદ્ધિ કરી લીધી. મંત્રમાં ઉચ્ચારની શુદ્ધિ ખૂબ જ જરૂરી છે. મંત્ર અશુદ્ધ બોલવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે, ક્યારેક દુષ્પરિણામ (વિપરીત ફળ) પ્રાપ્ત થાય છે. તેથી સૂત્રો અને મંત્રોમાં તેનો સાવધાની પૂર્વક શુદ્ધ ઉચ્ચાર કરવાનું ધ્યાન રાખવું.

શ્રીદેવે શ્રીશાંતિનાથ જિનાલયમાં બેસી - પરમાત્માની સમક્ષ રહી વિધિ અને એકાગ્રતા પૂર્વક એક લાખ નવકારનો જાપ કર્યો. જાપની સમાપ્તિ થતાં હેમપ્રભદેવ (જેણે જિનાલય નિર્માણ કરાવ્યું હતું) આ શ્રીદેવરાજા પર સંતુષ્ટ થયો. ખુશ-પ્રસન્ન થઈ તે દેવે શ્રીદેવને 'અમોઘવિજયા' નામની શક્તિ આપી. પુણ્યશાળી પર, આરાધક - સાધક ઉપર દેવોય પ્રસન્ન થઈ, વગર માંગ્યે પણ આપે છે. જ્યારે પુણ્યની ખામીવાળા જીવને માંગવા છતાં દેવ કાંઈ આપતો નથી..! (માંગનાર ક્યારેક પાછળ પડી જાય તો તે દેવ દયાથી કદાચ, માનવ ભિખારીને આપે તેમ તેને આપી દે.. પરંતુ પુણ્યશાળી સાધકને તે પ્રસન્ન થઈ, વગર માંગે ભક્તિથી આપે છે.)

અમોઘ વિજયા શક્તિ આપવાથી ન અટકતાં, નવકારમંત્રના જાપથી બાંધેલા પુણ્યના પ્રભાવે જ સમજો કે - તે દેવ આ શ્રીદેવને મૂળભૂતનગર કાંપિલ્યપુર લઈ ગયો. ત્યાં તેને પોતાના રાજ્ય પર સ્થાપન કર્યો ! કેટલાંય યુદ્ધાદિ ખેલ્યા પછી પણ ન મળે, એવું રાજ્ય નવકારમંત્રના પ્રભાવે અનાયાસ (વગર મહેનતે) મળી ગયું!

યુદ્ધમાં જેને ન જીતી શકયો - ન નમાવી શક્યો તે કામરૂપ નગરનો રાજા પણ આ શ્રીદેવ રાજાનો દાસ થઈને રહ્યો ! શાસ્ત્રકારોએ ફરમાવેલો મંત્રાધિરાજ નવકારનો પ્રભાવ ખરેખર ! અદ્ભુત - અનુપમ છે.

શાસ્ત્રકાર લખે છે : **अहो पंचनमस्कारः, कोप्युदारो जगत्सु वा ।**
**संपदोऽष्टो स्वयं धत्ते, दत्तेऽनन्तास्तु ताः सताम् ।।**

**ભાવાર્થ :** અહો ! પંચનમસ્કાર જગતમાં કેવો ઉદાર છે ? કારણ કે પોતે આઠ સંપદા ધરાવતો હોવા છતાં, તેના સજ્જન - સંનિષ્ઠ સાધકને અનંતી સંપદા (સંપત્તિ) આપે છે.

નવકારમંત્ર ગણવામાં સતત પ્રયત્નશીલ - તેના ધ્યાનમાં તત્પર તે શ્રીદેવ રાજા મૃત્યુ પામી, નવકારના પ્રભાવે માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયો.

આ પ્રમાણે નવકારના સ્મરણથી મળતાં ફળોને કાનથી સાંભળી ભવ્યજીવો તેને અંતઃકરણમાં ધારણ કરે અને પરમેષ્ઠી પદોને પ્રેમથી નમસ્કાર કરી પોતાનું સ્થાન આ જ નવકારમાં ઊભું કરે; તેવી મંગલકામના.



## ★ અનુમોદનામૃતમ્ ★★★

- સંકલન

બેંગલોરની ધરતી પર પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૩ તથા પૂ.પ્ર.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ હાલ બસવેશ્વરનગરના શ્રીહાલારીવીશા ઓસવાલ તપાગચ્છ સંઘમાં બિરાજમાન છે.

મહા વ.૭ તા.૩-૩-૨૦૨૧ બુધવારે વી.વી. પુરમ્ - સંભવનાથ પધાર્યા. ત્યાં તા. ૫ થી ૯ માર્ચ (પંચ દિવસીય) વાચનાશ્રેણિનું આયોજન થયું. તે પૂર્ણ થયાબાદ પરત બસવેશ્વરનગર પધાર્યા. ત્યાં પ્રવચનો - સંઘપૂજન ચાલું જ હતાં. તેમાં મહા વ.૦)) તા.૧૩-૩-૨૦૨૧ શનિવારે અત્રેના સંઘસ્થાપક પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ થયા. રૂ.૧૦૦ નું સામુહિક સંઘપૂજન થયું.

ફા.સુ.૧૦ ના બુધવારે હાલાર દેશોદ્ધારક પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ થયા. રૂ.૫૦નું સંઘપૂજન થયું.

ફાગણ સુ.૧૨ + ૧૩ શુક્રવારે સિદ્ધગિરિના પટસમક્ષ સિદ્ધાચલની ભાવયાત્રાનું આયોજન થયું. પૂજ્ય આચાર્ય ભગવંતે જ સમગ્ર ભાવયાત્રાં કરાવી. શરૂઆતમાં તીર્થયાત્રા અને તીર્થાધિરાજ વિષયક ભૂમિકા કર્યાબાદ ભાવયાત્રાનો પ્રારંભ થયો. લગભગ પોણા ત્રણ કલાકે ભાવ યાત્રા સમાપ્ત થઈ. અંતે દરેક ભાવયાત્રા કરનાર યાત્રિકને ભાતું આપવામાં આવ્યું. તીર્થ અંગે ઘણી નવી વાતો જાણવા મળી.

ચોમાસી ચૌદસે (તા.૨૭-૩-૨૧ શનિવારે) વી.વી. પુરમ્ વગેરે સ્થળેથી ભાવિકો આરાધના પૌષધ કરવા પધાર્યા હતા. પૌષધવાળાને રૂ.૨૨૦-૨૨૦ ની પ્રભાવના અપાઈ.

કોરોના મહામારીનો વ્યાપ વધવાના કારણે ફા.વ. બીજી અમાસથી પ્રવચન માંગલિક રાખવાની જાહેરાત થઈ.

બેંગ્લોરમાં જયનગર - વી.વી. પુરમ્ સંભવનાથ સંઘ તથા સીમધરશાંતિસંઘ, બસવનગુડી - વિમલનાથ જિનાલય, કેન્ટોનમેન્ટ વગેરે અનેક સંઘોની વિનંતિ હોવા છતાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખી બસનેશ્વરમાં જ સ્થિરત રાખી છે. ધ

## સારી રીતે આવ્યા ? એવું કઈ રીતે પૂછાય ?

**गर्भावासे महादुःखं, विशेषान्निर्गमक्षणे ।**

**गर्भागतानां जीवानां, स्वागतं पृच्छ्यते कथम् ?।।**

માતાના ગર્ભમાં રહેલા જીવને ભયંકર - જાલિમ દુઃખ હોય છે. તેના કરતાં જન્મસમયે વિશેષ પીડા હોય છે. તેથી ગર્ભમાંથી આવેલા જીવને (માનવને) સારી રીતે આવ્યા ? એવું કઈ રીતે પૂછી શકાય ? (તીર્થંકર પ્રભુ સિવાય તમામ માનવો દર્દનાક વેદના ભોગવીને જ આવ્યા હોય છે.)